# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.7 | Issue 2
February 2014
Retail Price - Rs. 7.50/-





ભરૂચ ઝાડેશ્વરમાં ગુજરાતની મુખ્ય ટીચર્સની ભઠ્ઠીનું દીપ પ્રજ્વલન કરતાં બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, બ્ર.કુ. દમયંતીબેન, બ્ર.કુ. શારદાબેન, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. પ્રભાબેન તથા બ્ર.કુ. રંજનબેન.




મુંબઇ, બોરીવલીમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ વિશ્વ સ્મરણ દિવસ - રોડ ટ્રાફીક પીડિતો માટે યોજેલા કાર્યક્રમમાં બ્ર.કુ. દિવ્યપ્રભાબેન, ભ્રાતા સિધ્ધાર્થ પાહવા, ભ્રાતા નીતિન ડોસા, ભ્રાતા સુનિલ સાવલા, શ્રીમતી ધનિષ્ઠા.



વલસાડમાં સકારાત્મક જીવનશૈલી શિબિરનું ઉદ્‌ઘાટન કરતાં નગરપાલિકા પ્રમુખ સોનલબેન, બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. રંજનબેન, ડૉ. દિનેશભાઇ વૈદ્ય.




વડોદરા ગ્લોબલ હોસ્પિટલના ૨૦મા વાર્ષિકોત્સવ પ્રસંગે પ્રવચન કરતાં બ્ર.કુ. રાજબેન, ભ્રાતા રાકેશ ગાંધી (સી.એ.) બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, બ્ર.કુ. ડૉ. સતીશભાઇ તથા બ્ર.કુ. ભગવાનભાઇ.



અમદાવાદ, મણિનગર પી.સી.પી. કેન્દ્રના મૂલ્ય અને આધ્યાત્મિકતા પાઠ્યક્રમના એમ.એસ.સી.નાં વિદ્યાર્થીઓ સાથે રાજયોગિની સરલાદીદી, ભ્રાતા ધનરાજ પંડિત આચાર્ય- સ્વામીનારાયણ કોલેજ, ડૉ. હરીશ શુક્લ.



રાજકોટ જાગનાથ સેવાકેન્દ્રના જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા આયોજીત ફન ફેરમાં આધ્યાત્મિક પ્રદર્શનમાં બ્ર.કુ. ભગવતીબેન, ભ્રાતા શૈલેશભાઇ તથા ભ્રાતા ધર્મપાલભાઇ.




આદિપુર સેવાકેન્દ્ર દ્વારા પરમાત્મા પાલના અનુભૂતિ કાર્યક્રમમાં પ્રવચન કરતાં બ્ર.કુ. દક્ષાબેન, બાજુમાં બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. હેતલબેન, બ્ર.કુ. જાનકીબેન તથા જયદેવભાઇ.



અંબાજીમાં અખિલ ગુજરાત આદિવાસી જાગૃતિ અભિયાનના સમાપન સમારંભમાં પ્રવચન કરતા ભ્રાતા ગમારામજી, રાજયોગિની સરલાદીદી, બ્ર.કુ. સરલાબેન સંયોજીકા ગ્રામ વિકાસ પ્રભાગ તથા અભિયાન યાત્રી.

Gyan Amrit
# જ્ઞાનામૃત

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

વર્ષ : ૭ ફેબ્રુઆરી, ૨૦૧૪ અંક : ૨

## ● અમૃતસૂચિ ●


- મૂલ્યોની માવજત .................. તંત્રી સ્થાનેથી ............ ૪
- પ્રસન્નતાસભર જીવન .............. બ્ર.કુ. સૂર્યભાઇ ........... ૬
- પ્રસન્નતાના પથ પર................ બ્ર.કુ. શિવાનીબેન ....... ૮
- શિક્ષણની ક્ષિતિજે ................. બ્ર.કુ. અનુબેન ......... ૧૧
- આ ગઇ - શિવ અવતરણ વેલા ... બ્ર.કુ. ચોક્સીભાઇ ..... ૧૩
- શિવરાત્રી.......................... બ્ર.કુ. ડૉ. વિઠ્ઠલભાઇ .. ૧૭
- ત્રિમૂર્તિ શિવનું દિવ્ય કર્તવ્ય ....... બ્ર.કુ. પ્રીતિબેન ........ ૨૧
- જીવન શૈલી ........................ બ્ર.કુ. ગોદાવરીબેન..... ૨૫
- યુવા શોઝ શિવ! ................... બ્ર.કુ. વિવેકાનંદ........ ૨૭
- સાધુ સંતો ભગવાનના બાળકો .... બ્ર.કુ. પ્રા. હેમંતકુમાર... ૨૯
- આહારનો મન પર પડતો પ્રભાવ .. બ્ર.કુ. રાધિકાબેન ...... ૩૧
- પ્રસંગ પરિમલ ............................................. ૩૩
- મહાશિવરાત્રીનું મહાત્મ્ય .................................. ૩૪


### ગ્રાહકોને

જાન્યુઆરી, ૨૦૧૪થી 'જ્ઞાનામૃત' માસિક તરીકે પ્રગટ થાય છે તેથી લવાજમના નવા દર નીચે મુજબ છે.

### લવાજમના નવા દર

| | | |
|---|---|---|
| **ભારતમાં** | | |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૯૦–૦૦ |
| આજીવન સભ્ય | રૂા. | ૨૦૦૦–૦૦ |
| છૂટક નકલ | રૂા. | ૭–૫૦ |
| **વિદેશમાં** | | |
| એરમેઇલ વાર્ષિક | રૂા. | ૧૦૦૦–૦૦ |
| આજીવન સભ્ય | રૂા. | ૧૦૦૦૦–૦૦ |

**કૃતિઓ તથા સેવા સમાચાર મોકલવાનું સરનામું**

**બ્ર.કુ. ડૉ. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી–૨, ૨૨ શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ–૩૮૦૦૧૩.
Phone : 079 - 27621551

મુદ્રક : રાજયોગિની સરલાદીદી
પ્રકાશક : બ્રહ્માકુમારી ઉષાબેન

### આવશ્યક નોંધ

'જ્ઞાનામૃત'ને નિયમિત પ્રકાશિત કરવા માટે મુદ્રણ સામગ્રીનું આયોજન ઘણું એડવાન્સમાં થાય છે. તેથી કૃતિઓ, તસવીરો અગ્રતાક્રમે મળશે તે મુજબ ધ્યાનમાં લેવાશે. – તંત્રી

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

લવાજમ મોકલવાનું, સરનામું બદલાયાની જાણ કરવાનું તથા પૂછપરછનું સરનામું નીચે મુજબ છે.

**● ગુજરાત ઝોન મુખ્યાલય ●**
બ્રહ્માકુમારીઝ, સુખશાંતિભવન, ગામડીવાળા ડેરી સામે,
ભુલાભાઇ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ–૩૮૦૦૨૨
Phone : 079 - 25324160, 25324460, 25324660

**● પ્રકાશન સ્થળ ●**
રાજયોગ ભવન, ૧, ચતુર્ભુજ કોલોની,
ગોરધનવાડીનો ટેકરો, કાંકરિયા, અમદાવાદ–૨૮
Ph : 079 - 25431676
Email : maninagar.amd@bkivv.org; gyanamrit.guj@gmail.com

# મૂલ્યોની માવજત

## તંત્રી સ્થાનેથી...

દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને રદબાતલ કરી સુપ્રીમ કોર્ટે ૩૭૭ કલમ યથાવત રાખી તેના સંદર્ભમાં અમેરિકા તથા અન્ય દેશોનાં મંતવ્યો આવ્યાં. ભારતમાંથી પણ તેના પ્રત્યાઘાતો જાણવા મળ્યા. આ ઘટનાનો ઉલ્લેખ માત્ર એટલા માટે જ કરવામાં આવ્યો છે કે ભારત પ્રાચીન આધ્યાત્મિક વારસો ધરાવતો ધર્મ પ્રધાન, મૂલ્યોમાં શ્રદ્ધા રાખતો દેશ છે. પણ આજે આપણે સ્વતંત્ર હોવા છતાં પણ સ્વતંત્ર નથી. આપણે વિશ્વના દેશો અને વૈશ્વિક સંસ્થાઓ સાથે જોડાયેલા છીએ. તેથી આપણે વૈશ્વિક દષ્ટિકોણને અનુસરવું પડે છે. તેના સંદર્ભમાં જ ભારતીય મૂલ્યોથી વિરુદ્ધ આપણી કુટુંબ સંસ્થાઓમાં દિનપ્રતિદિન છૂટછાટો વધતી જાય છે. તેને સત્તાધારી પક્ષ, કોર્ટોનું પણ સમર્થન મળે છે. આમ આપણે આપણી આગવી ઓળખ ગુમાવીને વૈશ્વિક દ્રષ્ટિકોણથી વિચારતા થયા છીએ.

આજે વિશ્વમાં જે વાતાવરણ જોવા મળે છે તેના સંદર્ભમાં દુર્યોધનની વાત યાદ આવે છે. દુર્યોધનના શબ્દો છે. **'હું ધર્મ જાણું છું પણ આચરી શકતો નથી. અધર્મ જાણું છું પણ તે છોડી શકતો નથી.'** આજે બહુધા જન સમાજની આજ માનસિકતા જોવા મળે છે. તેમાંયે વૈજ્ઞાનિક શોધખોળો, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, સાયબર મીડિયા આદિ જેટલાં સુવિધાઓ આપવામાં ઉલ્લેખનીય રહ્યાં. તેના અમુક પ્રમાણમાં ભિન્નભિન્ન પ્રકારની ગુનાખોરીઓમાં પણ તેમનું સ્થાન રહ્યું છે.

આજે ચારિત્રિક, નૈતિક અધઃપતનમાં વૃદ્ધિ થતી જાય છે. એકબીજામાંથી શ્રદ્ધા, વિશ્વાસ અને સન્માનની ભાવના ઘટતી જાય છે. સ્વાર્થાંધતામાં ખાધા ખોરાકીની ચીજોમાં થતી ભેળસેળ કમકમાટી જન્માવે તેવી છે. સત્તા, પૈસા માટે માનવ ગમે તે કરવા માટે તૈયાર થઈ જાય છે. ભિન્નભિન્ન ક્ષેત્રના નામધારી મહાનુભાવોની પ્રતિષ્ઠા પણ આભાસી જણાય છે. તેમનાં કુકર્મો, કૌભાંડો, ભ્રષ્ટાચારની રીતરસમો જાહેર થાય છે, પકડાઈ જાય છે ત્યારે ગઈકાલ સુધી જેની મહાન આત્માઓમાં ગણના કરતા હતા તેમના પ્રત્યેનો અહોભાવ દૂર થાય છે. ઘૃણાભાવમાં વૃદ્ધિ થાય છે. આખરે રેતીના પાયા ઉપર ચણેલી ઈમારત કેટલી ટકે !

આજે ભિન્નભિન્ન પ્રકારના દ્વંદ્વોમાં આપણે જીવી રહ્યા છીએ. એક બાજુ પાપોમાં બેસૂમાર વૃદ્ધિ થતી જાય છે, તો પુણ્યની પ્રવૃત્તિઓ પણ થતી રહે છે. ભિન્નભિન્ન ક્ષેત્રે ભ્રષ્ટાચાર, અધઃપતનમાં વૃદ્ધિ થતી જાય છે, તો નૈતિક ચારિત્રિક ઉત્થાન, સદાચારની પ્રવૃત્તિઓને પણ પ્રોત્સાહન મળતું જાય છે. એકબાજુ હિંસા, ગુનાખોરીમાં વૃદ્ધિ થતી જાય છે તો બીજી બાજુ દયા, ઉપકાર, સેવાભાવથી થતાં જનકલ્યાણનાં કાર્યો પણ જોવા મળે છે. રાજકારણની ગંદકીમાં પણ મૂલ્યોની માવજત કરતા પક્ષને લોકો વધાવે છે, બિરદાવે છે.

વાસ્તવમાં આજે કલ્યાણકારી પુરુષોત્તમ સંગમયુગ ચાલી રહ્યો છે. આવા હળહળતા કલિયુગમાં પણ પરમાત્માને પ્રેમ, સમર્પણ કરતા સાધકો જોવા મળે છે. જેઓ બ્રહ્મચર્ય પાલન કરી મન, વાણી, કર્મની પવિત્રતાને પ્રાધાન્ય આપે છે. 'રાત કો ખાઓ પીઓ દિન કો આરામ કરો.'ના વાતાવરણમાં પરોઢિયે, અમૃતવેળાએ બેથી પાંચના ગાળામાં ઉઠીને પરમાત્માની સ્મૃતિ, આત્મ-ચિંતનમાં સમયનો સમુચિત ઉપયોગ કરનાર સાધકો પણ છે. એકબાજુ દેહના સુખોની લોલુપતા જોવા મળે છે. તો બીજા છેડે સ્વયંને આત્મા

સમજી આત્માના સુખોની વસંત માણતા સાધકો પણ છે. દેશી, વિદેશી-પાશ્ચાત્ય ઢબના ખાનપાન વચ્ચે સાત્ત્વિક, પ્રભુયાદમાં બનાવેલા બ્રહ્માભોજનનું મહત્ત્વ છે.

આજે માનવે સ્વયંનું મૂલ્યાંકન કરવાનો સોનેરી સમય છે. માનવે પોતાના આત્માના અવાજને, વિવેકને જાગૃત કરવાનો છે. આપણને મળેલા જીવનનું ગહન ચિંતન કરવાની આ વેળા છે. સતત પરિવર્તન પામતા જતા વિશ્વમાં કેટકેટલી સત્તાઓ, સંસ્કૃતિઓ, ભિન્ન ભિન્ન ક્ષેત્રની મહાન વ્યક્તિઓ આવી અને ગઈ. કાળના કોળિયામાં સત્તાધીશો, સામ્રાજ્યો, વૈભવોની દુનિયા પણ ધરાશાયી થઈ ગઈ. કશું શાશ્વત નથી. જેને કાયમ ટકાવી રાખવા કરેલા પ્રયાસો મૃગતૃષ્ણા બની જાય છે. ઇચ્છાઓ અલ્પવિરામોમાં જીવે છે. પૂર્ણવિરામ લાવતી નથી. ત્યારે માનવે જીવનની સાર્થકતા શામાં છે તેનો નિર્ણય કરવાની આ વેળા છે.

પરમાત્મા ઈ.સ. ૧૯૩૭થી ભારત ભૂમિને સ્વર્ગીય સૃષ્ટિમાં પરિવર્તિત કરવાનું ભગીરથ કાર્ય કરાવી રહ્યા છે. સૃષ્ટિના આદિ, મધ્ય, અંતનું, ઉત્થાન અને પતનની કહાનીનું જ્ઞાન આપી કર્મના સિદ્ધાંતનું શિક્ષણ આપી રહ્યા છે. પ્રારંભમાં જે માનવ વિષયવિકારો, વ્યસનો, દુર્વૃત્તિઓને છોડવાનું અઘરું સમજતો હતો તે ઈશ્વરીય રંગમાં રંગાઈને, ઈશ્વરીય પરિવારમાં આવીને સહજ પરિવર્તન અનુભવે છે. આ જ પિતા પરમાત્માનું વરદાન છે, ઈશ્વરીય પ્રેરણા છે.

જેઓ આત્માના સત્યપરિચય, પરમાત્માના સત્ય પરિચય અને અનુભૂતિને ઝંખી રહ્યા છે તેઓ માટે આ સોનેરી સમય છે. ગુનાખોરીને લીધે જેલયાત્રા, સજાઓ ભોગવતા, ભિન્ન પ્રકારના રોગીઓ, હતાશ, નિરાશ, નાસીપાસ થયેલા લોકો, ભક્તિ કરીને થાકી ગયેલા પ્રભુને ઝંખતા ભક્તો, જીવનને યોગ્ય દિશા તરફ વાળવા ઈચ્છા રાખનાર સૌ આત્માઓને બ્રહ્માકુમારીઝ સંસ્થાનું હાર્દિક ઈશ્વરીય નિમંત્રણ છે. સેવા કેન્દ્રમાં પધારી ઈશ્વરીય વારસાના અધિકારી બનો.

* ઓમ્ શાંતિ *

- બ્ર.કુ. કાલિદાસ

## આજીવન સભ્યો માટે આવશ્યક સૂચના

ગુજરાતી જ્ઞાનામૃત જાન્યુઆરી, ૨૦૧૪ થી માસીક બનતાં જેઓ ૨૦૧૪ પહેલા દ્વૈમાસિક જ્ઞાનામૃતના આજીવન સભ્ય બનેલા હતા. તેઓ હવેથી માસીક જ્ઞાનામૃત મેળવવા માટે રૂા. ૧૦૦૦/- (અંકે એક હજાર રૂપિયા) ભરીને માસિક જ્ઞાનામૃતના આજીવન સભ્ય બની શકશે. આ યોજના ૩૧ માર્ચ, ૨૦૧૪ સુધી જ ચાલુ રહેશે. ત્યાર બાદ ઉપર મુજબનું લવાજમ જમા નહી કરાવેલ સભ્યોને એક વર્ષમાં ફક્ત પ્રથમ ૬ (છ) અંક જ મળવા પાત્ર રહેશે. આ સંદર્ભે કંઇ પણ માહિતિ અથવા પુછપરછ માટે બ્ર.કુ. ઉષાબેન સાથે પત્ર વ્યવહાર કરવો. પત્ર વ્યવહાર કરતી વખતે જૂના ગ્રાહકો એ પોતાનું પુરું નામ-સરનામું, ગ્રાહકનંબર, પીનકોડ નંબર, ફોન, મોબાઇલ, ઈમેઇલ વિગેરે અવશ્ય જણાવશો.

## સેવાકેન્દ્રો માટે સૂચના

ગુજરાતી જ્ઞાનામૃત જાન્યુઆરી ૨૦૧૪ થી માસીક બનતાં હવે સચિત્ર સેવા સમાચારો નિયમિત છપાશે. તો આપ સૌ બહેનો કાર્યક્રમનાં ફોટોગ્રાફ દર મહિનાની ૧૫ તારીખ પહેલા ઈમેઇલ થી અથવા પોસ્ટથી મળે તે રીતે મોકલી આપશો. જેથી ત્યારબાદનાં અંકમા પ્રકાશીત થઇ શકે.



# પ્રસન્નતાસભર જીવન

- બ્ર.કુ. સૂર્ય, જ્ઞાનસરોવર, માઉન્ટ આબુ

જેના ઘરમાં સ્વયં ભગવાન મહેમાન બનીને આવી જાય, તો તે ખુશ નહીં હોય, તો કોણ હશે? જેના દ્વાર પર સ્વર્ગની બાદશાહી હાથમાં વરમાળા લઈને ઊભી હોય તે જો આનંદિત નહીં હોય, તો બીજું કોણ હશે? ભગવાન સ્વયં પોતાનું ધામ છોડીને આપણી પાસે આવ્યા. ખુશીઓનો ખજાનો લાવ્યા. મીઠાં બાળકો કહીને એમણે આપણી જન્મોજન્મની કડવાશ દૂર કરી. પોતાના પણું આપીને આપણાં કષ્ટો હરી લીધાં. મસ્તક પર હાથ રાખીને આપણા સર્વ બોજ નષ્ટ કરી દીધા. આ મનમાં તો ખુશીઓની શરણાઈઓ વાગવી જોઈએ.

ખુશી ખરેખર એક મહાન ખજાનો છે. જેનો ચહેરો ખુશીથી ચમકે છે, જેનું મન ખુશીઓમાં કૂદકા મારે છે, તનાવ તથા બીમારીઓ તેની પાસે ફરકી પણ શકતી નથી. પ્રસન્ન રહો અને સમસ્યાને દૂર કરો. આ ઉક્તિને પોતાના જીવનનો મૂળ મંત્ર બનાવી દો અને લક્ષ્ય રાખો કે આપણે ખુશીના ખજાનાથી એટલા ભરપૂર બનવાનું છે કે આપણા ચહેરાને જોઈને સૌના દુઃખ દૂર થઈ જાય. સર્વના મન પર છવાયેલી કાળી છાયા અદ્રશ્ય થઈ જાય અને સૌ ખુશીમાં જીવન જીવવાનું શીખી લે.

કલિયુગના આ કલિકાળમાં સાધનોની વિપુલમાત્રા હોવા છતાં, ભૌતિકતાનો વિકાસ હોવા છતાં, સાયન્સ અને ટેકનોલોજીના પ્રગતિપથ ઉપર ચાલવા છતાં, ચારે બાજુ મોંઘવારી આકાશને સ્પર્શવા લાગી છે. તેનો પ્રભાવ ખુશી ઉપર પણ પડ્યો છે. ખુશી મોંઘી અને દુર્લભ બની ગઈ છે. ખુશીના અભાવમાં તેને મેળવવા લાફીંગકલબો ચાલે છે. પણ તેનાથી ખુશી મળતી નથી. તેમાં કૃત્રિમતા હોય છે.

સંબંધોમાં વધતો જતો સ્વાર્થ, પરિવારમાં પોતાનાપણાનો અભાવ, એકબીજા પાસેથી વધારે પડતી ઇચ્છાઓ, કામ, ક્રોધ અને અહંકારનો વધતો જતો પ્રકોપ, પૈસા મેળવવાની વધતી જતી આકાંક્ષા, મનુષ્યના મનમાં સંકુચિત તથા નકારાત્મક વિચાર અને કેટલાક કુટિલ સંસ્કાર મનુષ્યની ખુશીને છીનવી રહ્યા છે. જ્યાં સુધી મનુષ્ય પોતાની ખુશી માટે બીજાઓ તરફ જોતો રહેશે, ત્યાં સુધી તે ખુશીથી પોતાની ઝોળી ભરી શકશે નહીં. કોઈની ખુશી જો પરાધીન બની જાય તો એની ખુશી ચોક્કસ અતિ નિર્બળ પણ હશે. ચાલો એનાં કારણોનું નિવારણ કરીએ અને ખુશીના ખજાનાથી પોતાનો ભંડાર ભરીએ.

ચાલો, આપણે સંકલ્પ કરીએ કે આપણે સવારે ઉઠતાં જ આપણી દિનચર્યાની શરૂઆત પ્રસન્નતાથી જ કરીશું. સ્વયંમાં દ્રઢતા લાવીએ કે આપણી ખુશીઓને કોઈ છીનવી ના શકે. ખુશી પર મારો સંપૂર્ણ અધિકાર છે. વાતો તો આવશે અને ચાલી જશે. વાતો અસ્થાયી છે અને ખુશી સ્થાયી. વાતોનું કોઈ મૂલ્ય નથી અને ખુશી એક અમૂલ્ય ખજાનો છે. વાતોને હળવાશથી લો. વાતોને બહુ મહત્ત્વ ના આપશો. વાતો પ્રત્યે પોતાનો દ્રષ્ટિકોણ વિશાળ અને હકારાત્મક બનાવો તો વ્યર્થની વાતો આપણા પર ખરાબ છાપ પાડશે નહીં.

આપણે ભગવાનનાં બાળકો છીએ. એનાં બાળકો પણ ખુશ નથી, એ જોતાં ભગવાનને કેવું લાગતું હશે. જેમને ઘણા પ્રેમથી પાળ્યાં છે, જેમને તે અગાધ ખજાનાઓ પ્રદાન કરવા આવ્યા છે, જેમને તે નિરંતર મદદ કરી રહ્યા છે. એમનો બોજ દૂર કરી રહ્યા છે. તે પણ નાનાં નાનાં કારણોથી જો પ્રસન્નતાને નષ્ટ કરી દે

તો કેવું લાગશે. એ પરમપિતા તો પોતાના મહાન આત્માઓને વિશ્વ મંચ પર પ્રખ્યાત કરવા ઇચ્છે છે. આપણે ખુશ રહેવાનું છે જેથી પરમાત્મા ખુશ થઈ જાય અને ખુશ થઈને આપણને વરદાન આપે.

સવારે ઉઠતાં જ ખુલ્લા મનથી વિચારો. હું આ ધરા પર ઘણો ભાગ્યવાન છું કે સ્વયં ભાગ્યવિધાતા મને સર્વશ્રેષ્ઠ ભાગ્ય આપવા આવી ગયા છે. મારા જેવું પ્રસન્નચિત્ત કોઈ નથી. આંખ ઊઘડતાં જ મારું પ્રભુ સાથે મિલન થાય છે. મારા જેવું ભાગ્યવાન કોણ હશે. જેને સ્વયં ભગવાન દરરોજ પ્રેમ આપે છે. સ્વયં ભગવાન મને બ્રહ્મા ભોજન કરાવે છે. મારી દરેક વાત સાંભળે છે. હું ઘણો સુખી છું. પોતાના પ્રાણેશ્વર પરમપિતા સાથે એ રીતે વાતો કરો કે પ્યારા બાબા, આપને મેળવીને ઘણા સંતુષ્ટ થઈ ગયા. આપની સાથે અમારું મિલન થયું તો અમારા જીવનની ધારા જ બદલાઈ ગઈ. હું આ ભવસાગરમાં, જીવનની યાત્રામાં એકલો જ હતો. અમારા પથમાં આપ અમારા સાથી બની ગયા. આ રીતના વિચારોથી રોજ સવારે પોતાના મનને ખુશીઓથી ભરી દો તો ખુશી અવિનાશી બની જશે.

જો કોઈના બોલ આપની ખુશી છિનવી લે તો એ યાદ કરો કે મનુષ્યોના બોલથી ઘણા પ્રભાવશાળી છે સર્વશક્તિવાનના બોલ. જ્યારે આપને કોઈ ખરાબ બોલે છે તો આપ એમના બોલ પર ધ્યાન ના આપતાં એના શબ્દોને વારંવાર યાદ ના કરતાં પરમાત્માના મહાવાક્યોને યાદ કરો. તો મનુષ્યોના વચનોનો પ્રભાવ નષ્ટ થઈ જશે અને ઈશ્વરીય વચન આપને ખુશીથી ભરપૂર કરી દેશે.

જો જીવનની વિકરાળ સમસ્યાઓ આપને ખુશીથી રહેવા દેતી નથી તો એ રીતનું ચિંતન કરો કે વાસ્તવમાં સમસ્યાઓ એટલી મોટી નથી. જેટલી આપણે તેને સમજીએ છીએ. હું માસ્ટર સર્વશક્તિવાન છું. મારી સમક્ષ આ સમસ્યાઓ વધારે સમય સુધી ટકશે નહીં. સમસ્યાઓ આવી છે તો ચાલી પણ જશે. તે મને શક્તિઓ આપવા માટેઆવી છે. મારા સુષુપ્ત વિવેકને જગાડવા માટે આવી છે. મારા સાથી તો સ્વયં ભગવાન છે. જ્યાં અમારા બંનેનો સાથ છે, ત્યાં સમસ્યાઓ નિર્બળ છે. તો જો સમસ્યાઓ વધે, તો આપ પોતાની શક્તિઓને વધારી દો. પોતાની સ્મૃતિઓને વધારે શક્તિશાળી બનાવી દો તો સમસ્યાઓ સમાપ્ત થઈ જશે.

પોતાના ચિંતનને મહાન બનાવનારા કદી ઉદાસ થઈ શકતા નથી. સ્વમાનમાં સ્થિત થઈને પોતાના ચિંતનને હકારાત્મક બનાવતા રહો. રોજ બ્રહ્મ મુહૂર્તમાં પરમાત્મા મિલનથી મનમાં અલૌકિક ખુશીનો સંચાર કરતા રહો. દરરોજ ઈશ્વરીય મહાવાક્ય સાંભળીને નાની મોટી વાતોના પ્રભાવને સમાપ્ત કરતા રહો અને ખુશી વહેંચતા રહો તો ખુશી બમણી થઈને આપની પાસે આવશે. સૌનું પરમકર્તવ્ય છે કે પોતપોતાના ઘરોમાં ખુશીનું વાતાવરણ તૈયાર કરો. કોઈ પણ વાત બની જાય, એને બહુ મહત્ત્વ ન આપતાં જલદીથી એને સમાપ્ત કરીને આગળ વધો તો આપનું જીવન ખુશીઓથી એટલું ભરપૂર બની જશે કે એની છાપ અનેક આત્માઓ ઉપર પડશે અને સૌ ખુશ રહેવાની કળા શીખી જશે.

## ચિંતનિકા

જે સ્વયં સરળચિત્ત રહે છે તે બીજાઓને પણ સરળ ચિત્ત બનાવી શકે છે. સરળચિત્ત અર્થાત્ જે વાત સાંભળી, જોઇ, કરી તે સાર યુક્ત હોય અને સારને જ ઉઠાવે અને જે વાત યા કર્મ સ્વયં કરીએ એમાં પણ સાર ભરેલો હોય.



# પ્રસન્નતાના પથ પર

## સ્વયંની ખુશીને સ્થાયી કઈ રીતે રાખીએ

- બ્ર.કુ. શિવાનીબેન

જ્યારે મને સમજાયું કે હું જે વિચારીશ તેના ઉપર મારી ખુશી આધારિત છે. તો બધું ફોકસ કોના ઉપર પડશે ? હું શું વિચારી રહી છું. મારા અધિકારી લડ્યા કારણ કે કોઈ ભૂલ થઈ ગઈ હતી. હવે મને કેવા વિચાર આવવા શરૂ થઈ થાય છે કે ગમે તેટલી મહેનત કરો પણ અધિકારી લડતા જ હોય છે. હવે હું ફરીથી નવું કાંઈ કરીશ નહીં. કારણ કે નવું કરવા છતાં પણ અહીં કોઈ પ્રોત્સાહન મળવાનું નથી. તેઓને તો ફરી લડવું છે. હવે હું એવું વિચારું છું કે વાત કર્યા વિના હું આટલી મહેનત શા માટે કરું ? આટલી મહેનત કરું, છતાં લોકો સામે મારું સન્માન તો થતું નથી. આ આપણા સંકલ્પની ખૂબી છે.

હવે આપણે ગયાં આપણા ટેબલ પર અને કામ કરવા બેઠા તો કેવી અનુભૂતિ થશે ? ભલે ગમે તે કરો પણ અહીં તો આવું જ થાય છે. પછી આપણે કામ કરવા બેસી ગયાં. તો કેવું કામ થશે ? તે ઉર્જા કેવી હશે? હવે હું એ વિચારીશ કે ભૂલ તો નીકળશે. પહેલાં નહોતી નીકળતી પણ હવે નીકળશે. જ્યારે આપ આવી હીન ભાવનાથી કામ કરશો તો કામ ઉપર એનો પ્રભાવ પડશે જ. હવે ઓછી ક્ષમતાથી મેં કામ કર્યું તો પહેલાંના કામમાં ભૂલ નહોતી પણ આ વખતે ભૂલ જરૂર નીકળશે. હવે હું હીનભાવનાનો અનુભવ કરું છું. હવે હું કામ લઈને અધિકારી પાસે જાઉં છું. જો હું અંદરથી દુઃખી છું તો શું અધિકારીને આદર આપીશ ? ના. હું અધિકારી પ્રત્યે ઘૃણા કરીશ જેવી હું અધિકારીની સામે ગઈ, તો મારાં પ્રકંપન કેવાં ગયાં ? હું આપને આદર આપતી નથી. આ ઉર્જા મેં મોકલી અને એની સાથે મેં તે ફાઈલો પણ જમા કરાવી. એ કામમાં પણ ભૂલ હોઈ શકે છે. હવે તો જરૂર ઠપકો મળશે જ.

પછી મારા મનમાં એ આવ્યું કે હવે તે શું કરશે ? આ વિચાર હું મારા માટે ઉત્પન્ન કરું છું કે ઠપકો મળ્યો હવે એવું કર્યું કારણ છે કે જેને લીધે તેમણે મને ઠપકો આપ્યો. જ્યારે ઠપકો મળે છે તો અધિકારીને દરેક વાતમાં ઠપકો આપવાની ટેવ જાય છે અરે ! કારણ વગરના સંકલ્પનો અનુભવ કરવો. આ અહંકાર નથી. ત્યારે હું પાછી મારા ટેબલ પર જાઉં છું અને કહું છું બરાબર છે પહેલાં જો ભૂલ થઈ હતી તો હવે હું ધ્યાનથી કાર્ય કરીશ. જો ભૂલ નહોતી છતાં ઠપકો આપ્યો હવે હું પાછી જાઉં છું. ચાલો ફરીથી એમને આ કાર્ય કરીને આપું છું. હવે જોઉ છું કે આ વખતે બરાબર લાગે છે કે નહીં. પરંતુ એ સમયે અમારે નકારાત્મક વિચાર પેદા કરવાના નથી. તો હું સ્થિરતાથી કામ કરી શકીશ. જો હું હતાશ નથી તો હું તે સીનિયર પ્રત્યે પણ ઘણા ખોટા પ્રકારના વિચાર ઉત્પન્ન નહીં કરું. હું કહી શકું છું કે એમની પોતાની કોઈ મૂંઝવણ હશે યા આજે તેઓ ડીસ્ટર્બ થયેલા હશે. ગમે તે હોય. આપણે એમ કહીએ છીએ કે બીજાઓ પ્રત્યે શુભભાવના રાખો. તો બીજાઓ પ્રત્યે શુભકામનાઓ ક્યારે રાખી શકીશું. જ્યારે આપણું મસ્તિષ્ક ડીસ્ટર્બ ના થાય.

**પ્રશ્ન :** હું પોતાના મનને એટલું શાંત પણ રાખી શકું એનું કોઈ પોતાનું કારણ હશે. પણ હું એમના પ્રત્યે શુભ ભાવના કઈ રીતે રાખું ?

**ઉત્તર :** શુભભાવના જન્માવવાની હોતી નથી.

એવું નહીં કે એમના વિશે વિચારતી રહું કે એમની સાથે સારો સંબંધ થઈ જાય. આ શુભભાવના નથી. શુભભાવના માત્ર એ છે કે આપ શાંત રહો. ઓછામાં ઓછું આપનાથી કોઈ નકારાત્મક પ્રકારના વિચાર બીજાઓ માટે ન નીકળે. આ સ્વયં માટે પૂરતું છે. જેમ કે પરિસ્થિતિ આવી અને પરિસ્થિતિ ગઈ અને પરિસ્થિતિએ મારા ઉપર કોઈ પ્રભાવ પાડ્યો નહીં, તો તે સ્થિરતા છે. ઋતુ બદલાઈ તેમ છતાં હું એને પસાર કરી શકી તે છે સ્થિર. એ રીતે તેઓ બદલાય, એમનો વ્યવહાર બદલાય પરંતુ એનો પ્રભાવ મારા ઉપર ના પડ્યો. શું આ સંભવ છે કે નહીં ? તો આપણે તેનો પ્રયાસ કરીને જોઈએ.

**પ્રશ્ન :** એમની સાથે એ ઉર્જા સાથે બીજી વખત કાર્ય કરું?

**ઉત્તર :** એ માત્ર એક સંકલ્પથી જ દૂર છે. એને કરવાનું જેટલું મુશ્કેલ લાગે છે તે એટલું મુશ્કેલ નથી. જો આપણે એમની સાથે સારી રીતે વાત કરવા ઇચ્છતા નથી, તો વર્ષો સુધી પણ કરી શકતા નથી. તે પણ બરાબર છે. હું શા માટે વાત કરું ? વાત કરવી અઘરી નથી. પ્રશ્ન એ છે કે જો આપે મારી સાથે સારી રીતે વાત ના કરી તો હું આપની સાથે સારી રીતે વાત શા માટે કરું ?

**પ્રશ્ન :** જ્યારે હું બીજીવાર જોઉં છું કે એમના ઉપર પ્રભાવ પડ્યો નથી તો પછી મારી એમનામાં રુચિ રહેતી નથી.

**ઉત્તર :** તેઓ અપ્રભાવિત નથી પણ ગહન દુઃખમાં છે. જે આપ કહી રહ્યા છો કે ઘણા બધા લોકોએ તે પ્રયાસ કર્યો. તેઓ પાછા ગયા અને એ વ્યક્તિ સાથે સારી રીતે વાત કરી. આ ઘણું જ સરળ છે. વાત કરવી ઘણી સરળ છે. વચ્ચેનો જે સમયગાળો છે ત્યારે આપ સ્વયંને સમજાવો કે બધું બરાબર છે. પણ આપ કંઈક એવું કહો છો કે હું ફરી કદી વાત નહીં કરું. એમણે મારી સાથે આમ કર્યું તો એવું ના કરો. સકારાત્મક સંકલ્પ સ્વયંને આપો. એમ નહીં કે હું એમની સાથે વાત કરી શકતી નથી હું નહીં કરું. કારણ કે એમણે આટલું ખોટું કર્યું તો એ કારણે નહીં કરું. તો તે મુશ્કેલ નથી પણ નિર્ણય લેવાનો છે કે મારે કરવું છે યા નહીં, આ મુશ્કેલ છે. તો મોટા ભાગે શું થાય છે. આપણે નિર્ણય કરી લઈએ છીએ કે આપણે નથી કરવું. હું અધિકારી સાથે વાત નહીં કરું. કારણ કે એમણે મારી સાથે ખોટું કર્યું છે. તેઓ જેવા છે બરાબર છે, સામાન્ય જીવન. હું જ્યાં સુધી એમની સાથે વાત નહીં કરું તો એ પ્રકારના વિચાર મારા મસ્તિષ્કમાં ચાલતા જ રહે છે.

અમારી પાસે એક ભાઈ આવ્યા. એમણે કહ્યું કે મેં કેટલાંયે વર્ષોથી મારી મા સાથે વાત કરી નથી. મેં કહ્યું, શા માટે નથી કરી ? એણે કહ્યું કે માએ મારા જીવનમાં ઘણું બધું એવું ઉપરનીચે કરી દીધું છે કે જેને કારણે હું, મારી પત્ની અને મા બહુ દુઃખી છે, મેં કહ્યું, આજે આપ કાર્યક્રમ પછી આપની મા સાથે વાત કરી લો. તો એણે કહ્યું, ના. એવો પ્રશ્ન જ પેદા થતો નથી. કારણ કે એમણે મારી સાથે એટલું ખોટું કર્યું છે.

જો ગંભીરતાથી એ પરિસ્થિતિ પર વિચાર કરવામાં આવે તો આપણે જોઈએ છીએ કે એની પાસે બેજ વિકલ્પ છે. એક તો એ કે આ રીતે દર્દમાં જ જીવતા રહે યા પછી જઈને પોતાની મા સાથે વાત કરે. તે એ કાર્યક્રમ પૂરો થયા પછી ગયા અને પોતાની મા સાથે વાત કરી. શું આ મુશ્કેલ લાગ્યું. જ્યારે આપણે એ રીતે કોઈ પગલું ભરીએ છીએ તો વિચારીએ છીધે કે આપણે નબળા પડી રહ્યા છીએ. વાસ્તવમાં આ આપણી શક્તિ છે કે હું એમની સાથે ધૈર્યતાપૂર્વક વાત કરી શકું. આ શક્તિ છે કે નબળાઈ છે ?

**પ્રશ્ન :** આ મારી શક્તિ છે.

**ઉત્તર :** બિલકુલ સાચું. કોઈ પણ પોતાની શક્તિને નષ્ટ કરવા ઈચ્છતું નથી. મારી શક્તિ યા મારી નબળાઈ પોતાની સંપત્તિ છે. આપ એનું કંઈ કરી શકતા નથી. આપણને એમ લાગે છે કે એનાથી આપણું શોષણ કરવામાં આવશે. જો મારું જીવન અને મારું મન મારા વશમાં છે તો કોઈ પણ આપણું શોષણ કરી શકતું નથી.

એ સીનિયર સાથે યા કોઈની સાથે પણ જો મને સારું લાગે છે તો હું એમની સાથે વાત કરું છું. આપ વિચારી રહ્યા છો કે બહુ થઈ ગયું. અને એનાથી વધારે બીજું શું ખરાબ હોઈ શકે છે. આજ સુધી હું દર્દમાં ચાલી રહી હતી. હવે ફરીથી માપદંડ બદલો. સ્થિતિને મધુર બનાવો. જે થયું એના પર પૂર્ણ વિરામ. હવે આપ આ ભાઈને જુઓ જેણે કેટલાંયે વર્ષો સુધી પોતાની મા સાથે વાત કરી નહોતી. શું આટલો સમય આપ પોતાના અધિકારીથી વિરુદ્ધ થઈને ચાલી શકો છો ? રોજ એ જ ઑફિસમાં જવાનું છે. ત્યાં જ કામ કરવાનું છે. પરંતુ એમના પ્રત્યે આ પ્રકારના વિચારો કરી રહ્યા છો તો આપના જીવનની કક્ષા કઈ છે અને આપની અંદર આટલું દર્દ, આટલી કડવાશ એ સીનિયર પ્રત્યે ભરેલાં હશે, તો તે માત્ર આપ સુધી જ સીમિત નહીં રહે. પણ ઘેર જશો તો પત્ની પર એનો પ્રભાવ પડશે. બાળકો ઉપર પડશે. એનાથી આપ પોતાના જીવનની કક્ષા પ્રગટાવી રહ્યા છો. એની શરૂઆત માત્ર આપના વિચારથી જ થાય છે. આજ આપ જાઓ અને સ્વયંને નિર્મળ બનાવો. એમને જે વાત કરવી છે તે કરવા દો. આપ કોને માફ કરી રહ્યા છો. આપ માફ કરીને સ્વયંને પોતાના દર્દથી મુક્ત કરી રહ્યા છો. આપ એમને મુક્ત કરી શકતા નથી. એ મને ગુસ્સો કરવો હોય તો ગુસ્સો કરે પણ આ જો મેં સ્વયંને કહી દીધું તો મારે પણ સામાન્ય રહેવાનું છે તો કોને બચાવ્યા ? મે સ્વયંને નિરાશા અને ઘણી બધી મૂંઝવણોથી મુક્ત કર્યા. જ્યારે સાંજે ઘેર જશો તો કેવું હશે. કારણ કે એ નિર્ણય આપે કરવાનો છે. જો આપ કોઈના પ્રત્યે કોઈ વાત પકડી નહીં રાખો તો આપ સ્વાભાવિક રહેશો.

આમ છતાં પણ તેઓ લડે છે તો લડવા દો ને અને લડશે તો શું થશે ? આપણે વિચારીએ છીએ કે આપણે નારાજ થઈશું તો તેઓ બરાબર બની જશે ? જો આપણે સારી રીતે વાત કરીશું તો એમનો વ્યવહાર, પોતાની મેળે સારો થઈ જશે. તો આપણે આખો દિવસ શું કરી રહ્યા હતા ? જો હું નારાજગી પ્રગટ કરીશ તો પાઠ બદલાઈ જશે ? કદી નહીં. જીવનની આ યાત્રામાં દરેક લોકો એકબીજાને બદલવા ઈચ્છે છે. એટલે મેં કહ્યું પોતાના ઉપર ધ્યાન રાખો. પ્રાપ્તિનો અર્થ નોકરી, લગ્ન યા ધન નથી. પ્રાપ્તિનો અર્થ છે દિવસભર હું કેવો અનુભવ કરું છું.

**પ્રશ્ન :** આજે આપણે જે કંઈ સમજ્યા આપણે કેટલીક પળો બેસીને એનું ચિંતન કરીએ. જેનાથી આપણને કોઈ પણ નિર્ણય લેવામાં સગવડ મળે.

**ઉત્તર :** હું વિચારું છું કે જીવનના દરેક પગલે આપણે ઘરથી બહાર જવા માટે તૈયાર થઈએ છીએ. જેમ કે આપણે શરીરની તૈયારી કરીએ છીએ. ગાડી તૈયાર કરીએ છીએ. મતલબ કે આપણે ચીજોની તૈયારી કરીએ છીએ. તો એ રીતે મનને પણ તૈયાર કરીએ. અત્યારે આપણે તેનો થોડો અભ્યાસ કરીએ છીએ પછી દરરોજ બે ત્રણ મિનિટનો સમય કાઢીને તેનો અભ્યાસ કરો. આપનો એ દિવસ ખુશીપૂર્વક વીતશે.

**ડ્રિલ :** સૌ પહેલાં આપ આરામથી બેસો અને પોતાના સંકલ્પોને જોવાનો પ્રયાસ કરો કે હું એ શક્તિ છું.... જે આખો દિવસ ઘરનું, ઑફિસનું, લોકોનું ધ્યાન રાખું છું. મારી વિશેષતા કઈ છે.... જે આટલાં બધાં કાર્ય કરવાનાં સાધન છે.... મારી વિશેષતા કઈ છે.

**(અનુસંધાન પેજ નં. ૨૦ પર)**

# શિક્ષણની ક્ષિતિજે (શિક્ષણ જગત સંબંધિત કોલમ)

## બ્ર.કુ. અનુબેન રાજુલા, (સૌરાષ્ટ્ર)

**'જગ્યા'**

એક મોટા મોઢાવાળા ઘડાના માટીના કુંભ જેવા પાત્રને મોટા-મોટા પથ્થરથી ભરેલો જોઈને કોઈએ કહ્યું - **'આમાં જગ્યા નથી.'** ચિંતકે જવાબ આપ્યો, જુઓ જગ્યા થઈ જશે, અંદર કંઈક નાખી તો જુઓ. સેવકે નાના નાના પથ્થરને નાખવાનું ચાલુ કર્યું. જોતજોતામાં કેટલાય નાના પથ્થરો સમાઈ ગયા. વળી સેવકે કહ્યું ક્યાં છે જગ્યા? ચિંતકે રેતી બતાવી તેમાં નાંખવાનો આદેશ આપ્યો. કેટલીય રેતી આડી-અવળી નીચે-ઉપર સમાઈ ગઈ અને બધાને થયું હાશ ઘડો ભરાઈ ગયો. 'હવે જગ્યા ખાલી નથી.' ચિંતનશીલ કહે અરે હજુ નાખીને જુઓ. પાણી તરફ ઈશારો કરતાં સેવક પાણી નાંખવા લાગ્યો. જોતજોતામાં કેટલુંય પાણી ઘડામાં સમાઈ ગયું.

**હવે સૌને સમજાયું!**

જીવનમાં માનવ મોટા-મોટા પ્રસંગો, મોટી ઘટનાઓ, મોટા કારણોરૂપી મોટા પથ્થરથી જીવનરૂપી કુંભ ભરી દઈ જગ્યા નથી ના રટ લગાવતો ખોટો અભિનય કર્યા કરે છે. વળી નાના-મોટા સંબંધોને આગળ ધરીને જગ્યા નથીના ખોટા ઉચ્ચારો કરતો જાય છે. ત્યારબાદ ઉંમર વધતા, સંબંધો વધતા, સંપર્કો વધતા, સમસ્યાઓ વધતા, સમસ્યાઓના નિરાકરણ માટે વગેરે જેવા અનેક કારણોસર સમયરૂપી જગ્યા નાની રેતીના રૂપમાં જીવન રૂપી કુંભમાં ક્યાંય આડી-અવળી, ઉંધી-ચતી સમાઈ જાય છે અને ખરેખર પૂછો તો બધા એમ જ કહેતા હોય છે કે જીવનમાં આધ્યાત્મિકતા માટે જગ્યા નથી.

આ વેળાએ મારા બાળપણમાં ઈ.સ. ૧૯૬૬માં શાળામાં પ્રાર્થના ગાતાં એ યાદ આવે છે....

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા.
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે લઈ જા....

અહીં મનમાં સવાલ થાય છે કે બપોરના સમયે વળી ક્યાં અંધારું હશે ! પરંતુ આજ સમજાય છે કે એ અસત્ય અને ઊંડું અંધારું એટલે આત્મા સ્વરૂપના શિક્ષણનું અભાવપણું. આ અંધારાવશ જ આપણે કહીએ છીએ કે 'જગ્યા નથી.' એટલે જ સૌ ભગવાન પાસેથી માંગી રહ્યા છે કે આત્મસ્વરૂપનું સત્ય શિક્ષણ પ્રાપ્ત થાઓ, જીવનમાં આધ્યાત્મિકતા પ્રાપ્ત કરી અજ્ઞાનતારૂપી અંધારું દૂર થાઓ.

સદા પ્રવાહીની જેમ વહેતો સમય પોતાની મેળે જ જીવનમાં અનુકૂળ મુજબ જગ્યા કરી જ આપતો હોય છે. સમયનું મૂલ્ય આધ્યાત્મિક અવસ્થામાં અમૂલ્ય છે અને આધ્યાત્મિકતામાં સમય આપવો એટલે જ જીવનમાં તેને જગ્યા આપવી કહીશું. સમય પર કાર્યમાં જોડાઈ જવાની ક્રિયા કરનાર જ સાચો શિક્ષિત છે. સમજદારી અને સમજણપૂર્વકનું જ્ઞાન જ સાચું શિક્ષણ છે.

એક બહેને પોતાના સમાચાર આપી એક પ્રશ્ન કર્યો, મારા દિકરાનાં લગ્ન છે. બધી તૈયારીઓ પૂર્ણ કરવામાં વ્યસ્ત છું. મકાન બનાવી દીધું છે. કપડાં, ઘરેણાં, ચીજવસ્તુઓ ખરીદી લીધાં છે. મેં કહ્યું સાચું કહું તો તમે સૌ નવવધૂને તમારાં દિલમાં સ્થાન આપશો, તમારી સમયરૂપી મિલકત આપશો અને સદા ખુશીઓના ફુવારાઓના રોજ છંટકાવ કરશો તો ખરેખર ઘરમાં લક્ષ્મીની પધરામણી થશે. નહીં તો પુત્રવધૂ છે જ 'વધુ' એટલે એ રૂપમાં વધારાની ગણાશે.

ક્યારેક વિચાર આવે કે આપણા જેવા શારીરિક આકૃતિવાળા, માતપિતા, શિક્ષક, ગુરુ ધરાવનારા તથા

અનેક પ્રકારની સમસ્યાઓથી ઘેરાયેલ તથા સમસ્યાઓનું નિરાકરણ લાવનારાને આપણે પરમતત્ત્વ જેવા ઊંચ આસને બેસાડ્યા છે તો આપણે તથા આજનો આપણી આસપાસનો સમાજ કેમ આવો ? જરા ચિંતન કરીએ કે રામકથા, ભાગવતકથા કે શિવકથામાંથી બોધપાઠ જેટલો સ્પર્શ થવો જોઈએ તેટલો સ્પર્શતો કેમ નથી ? આ પારસમણીના સ્પર્શથી જીવન કંચન બની જવું જોઈએ પરંતુ આજે વિપરીત દશા દેખાઈ રહી હોય તથા ગીતામાં કહ્યા પ્રમાણે તેમ દેખાઈ રહ્યું છે. રોજ-બરોજની ઘટનાઓમાં આ ત્રણ વિકૃતિઓ જ જાણે મુખ્ય સ્થાને રહે છે અને અતિ ચોંકાવનારા કર્મો થતાં જોઈને લાગે છે કે સમાજમાં આધ્યાત્મિક શિક્ષણ સિવાય કોઈ વિકલ્પ નથી. માનસિક દુર્બળતા તથા વિચારોમાં અશુદ્ધિ જ આજનો સમાજ અશિક્ષિત હોવાનું પ્રમાણપત્ર આપે છે.

એક કાપડની દુકાનમાં એક ગ્રામીણ ખેડૂત તથા એક ઑફિસર ભેગા થઈ ગયા. બન્નેએ પોતાના માટે કાપડની માંગણી કરી. પેલા ખેડૂતે કહ્યું મારા માટે સફેદ દૂધ જેવું કાપડ કાઢી આપો. જ્યારે બીજા ઑફિસરે કહ્યું ભાઈ મને એવું કાપડ આપ જે મેલું ઓછું લાગે. વેપારીને થયું જે આખો દિવસ માટી, ધૂળ વચ્ચે રહે છે તે ખેડૂત મેલ તુરંત દેખાઈ જાય તેવું સફેદ કાપડ માંગે છે જ્યારે જે વ્યક્તિ ઘરથી ગાડીમાં અને ઑફિસમાં રહે છે તે મેલખાઉ કલર માંગે છે. વિચાર કરવા જેવી વાત છે! કોઈ તરત અશુદ્ધિ દેખાય તેમ ઇચ્છે છે તો કોઈ અશુદ્ધિને ઢાંકવા માંગે છે.

આધ્યાત્મિકતાની જીવનમાં જગ્યા કરવાની જરૂરત છે. જીવનમાં જગ્યા કરવી એટલે સમયનો લાભ આધ્યાત્મિક જીવનમાં લેવો. અંગ્રેજીમાં સમયને ધન (મિલ્કત) ગણવામાં આવે છે. Time is money સમયનું મૂલ્ય સમય પર જાણે. તેનો સમય સફળ. જે સમય પર કાર્ય કરતાં શીખે તેનું નામ જ શિક્ષિત અને જે સમય પર કાર્ય કરતાં શિખવાડે તેનું નામ શિક્ષણ. શિક્ષણને બીજા શબ્દોમાં કેળવણી કહેવાય છે. આપણી આંતરિકચેતન અવસ્થાને વ્યવસ્થિત નિયંત્રણ કરવામાં જે કેળવણી મળે. તેનું નામ જ આધ્યાત્મિક શિક્ષણ. આ શિક્ષણ સ્વયંથી (આત્મા)થી આગળ વધીને શંભુ (સ્વયં+ભૂ) સુધી પહોંચાડે છે. આધ્યાત્મિક કેળવણીથી આંતરિક શક્તિ આપોઆપ ખીલી ઉઠે છે. જો આંતરિક ચક્ષુ ન ખૂલ્યા તો કહેવત પ્રમાણે અંધ-અંધ અંધારે મળ્યા, પછી તો દેખતાય અથડાશે. અહીં મળતું ઈશ્વરીય જ્ઞાન જીવનને શિક્ષિત બનાવે છે. મનનું શિક્ષણ આપે છે. સ્વયંને આત્મા સ્વરૂપમાં ચિંતન કરી, સર્વને આત્મ સ્વરૂપમાં જોવા તેનું નામ આધ્યાત્મિક શિક્ષણ. વાસ્તવમાં અહીં પ્રાપ્ત થતા ઈશ્વરીય જ્ઞાનની હાલના સમાજને તાતી જરૂરત છે. જે આધ્યાત્મિક જ્ઞાન, ઈશ્વરીય જ્ઞાનનું શિક્ષણ પ્રાપ્ત કરે તેનું ચારિત્ર-શુદ્ધિવાળું જીવન બને છે. આવા આધ્યાત્મિક વિચારોનું શિક્ષણ લઈને સમાજ શિક્ષિત બને તો શ્રેષ્ઠ સમાજ-નવરચના થાય તો જ સમાજમાં ચારે તરફ વ્યાપેલ દુરાચારી, અત્યાચારી, પાપાચારી, ભ્રષ્ટાચારી આચરણ દૂર થશે.

પરમશિક્ષક પરમાત્માના સત્ય શિક્ષણને જીવનમાં ખરેખરી જગ્યા આપી આપણે આધ્યાત્મિક શિક્ષિત થઈ જઈએ અને અનેકોને આવો શ્રેષ્ઠ માર્ગ બતાવીએ.

(એક અતિ સંવેદનશીલ વિષય સાથે અમે આપ સર્વની પાસે પ્રથમ શબ્દરચના લઈને આવ્યા છીએ. આ શબ્દરચના વાસ્તવામાં અમારી ભાવરચના છે. આ પ્રથમવારના આપણા અનેરા મિલનમાં અમે અત્યંત આનંદમાં ભાવવિભોર છીએ. તથા આપણા આ ભાવ-મિલનથી આપ સર્વનું અભિવાદન કરીએ છીએ. સમસ્ત શિક્ષણ જગતના તમામ સ્નેહીજનોને સાદર નમસ્તે....)

# આ ગઈ.... શિવ અવતરણ વેલા

## - બી.કે. ચંદ્રવદન ચોકસી, વલ્લભ વિદ્યાનગર

(પાત્રો - માનવ, સમય, વિજ્ઞાન, પ્રકૃતિ અને ધર્મ)

**માનવ :** (ગીત ગણગણતાં પ્રવેશ કરે છે).... ''દુનિયા બનાને વાલે, ક્યા તેરે મનમેં સમાઈ.... કાહે કો દુનિયા બનાઈ, તૂને કાહેકો દુનિયા બનાઈ.''

હે દયાનિધિ ભગવાન, યા અલ્લાહ-પરવરદિગાર, ઓ મર્સીફુલ સુપ્રિમ ગોડફાધર, હે વાહે ગુરુ.... તારી બનાવેલી આ દુનિયાની દુર્દશા તો જો ! ચારે તરફ અશાંતિ, ભયંકર ટેન્શન, દુઃખના ડુંગરા, ભય, આતંક, અપહરણ, બળાત્કાર, પાપાચાર, ભ્રષ્ટાચાર, ગરીબી, બેકારી.... અને આટલું ઓછું હોય તેમ ઊધઈની જેમ રોજ રોજ વધતી મોંઘવારી.... વળી ઘર-ઘરમાં હૈયા હોળી!

ધરમને નામે ધતીંગ, વેપારમાં દગાખોરી, રાજસત્તામાં કરોડો રૂપિયાના કૌભાંડો, વહીવટમાં બેશુમાર લાંચ-રુશ્વત, શિક્ષણમાં ચારિત્ર્યને સ્થાને વેપાર અને અનીતિ. નો ડોનેશન - નો એડમિશન. લાખો રૂપિયા ખર્ચીને સંતાનોને ભણાવો ત્યારે મળે ડિગ્રી - અંતે નો નોકરી, પરિણામે ચોરી - ચકારી, લૂંટફાટ, અપહરણ, દાદાગીરી - ખંડણી, જાસાચિઠ્ઠી.... હે પ્રભુ, ઉપર બેઠો બેઠો કે પછી શેષશૈયા પર સૂતો સૂતો આ બધું જુએ છે કે નહિ? (ગીત ગણગણે છે....)

''ઓ દુનિયા કે રખવાલે, સુન દર્દભરે મેરે ગાને, સુન દર્દ ભરે મેરે ગાને....''

''આસમાન પે હૈ ખુદા, ઔર જમીંપે હમ, આજકલ વો ઈસ તરફ દેખતા હૈ કમ.''

**સમય :** (પ્રવેશ કરતાં ગીત ગણગણે છે....) ''ધીરજ ધર મનવા, ધીરજ ધર.... તેરે સુખકે દિન અબ દૂર નહીં....''

**માનવ :** તમે કોણ છો બંધુ ?

**સમય :** મૈં સમય હૂં, મુઝે ''કાલ'' ભી કહતે હૈં. મૈંને તેરે દુઃખ - દર્દ ભરે શબ્દ સુને. તેરે દુઃખકે દિન અબ સમાપ્ત હોનેવાલે હૈં. જૈસે અંધકાર ભરી રાત્રિકે બાદ સૂર્યોદય હોતા હૈ, વૈસે દુઃખકે બાદ સુખ, ઔર સુખકે બાદ દુઃખકા ચક્ર ફિરતા હી રહતા હૈ. મુઝે તીનોં કાલોંકા જ્ઞાન હૈ, સૃષ્ટિકે આદિ - મધ્ય - અંત તક કે ઈતિહાસ કા મૈં સાક્ષી હૂં.

**માનવ :** સમય બંધુ, આપ ત્રિકાળજ્ઞાની છો, તો કહો, આ નરક જેવી દુનિયા ક્યાં સુધી રહેવાની ? ક્યાં સુધી અમારે અસહ્ય દુર્દશામાં પિસાવું પડશે ? આવા દુઃખદાયી જીવન કરતાં તો મોત....

**સમય :** શાંત હો, માનવ, શાંત હો, સબૂરી કર ઔર શ્રદ્ધા રખ. તેરે દુઃખકે દિન અબ ગયે કિ ગયે. ઈસ કલિયુગી દુનિયામેં અભી માયાકા અર્થાત્ આસુરી શક્તિકા રાજ્ય ચલ રહા હૈ. ઈસીલિયે સભી મનુષ્ય - આત્માએઁ, રાજ્યસત્તા, ધર્મસત્તા, વિજ્ઞાન ઔર પ્રકૃતિ માયા કે પ્રભાવવશ દુઃખદાયી બન ગયે હૈં.

યહ રાહુ - શનિ, કી દશા અબ બદલ જાયેગી ઔર બૃહસ્પતિકી દશા શુરુ હો

જાયેગી. ઈશ્વરીય રાજ્ય - માના સતયુગી પાવન દેવભૂમિકા નિર્માણ ફિરસે ભારતભૂમિ પર હોગા, ઈસી ભારત ખંડ પર સુખ - શાંતિ - સમૃદ્ધિ ઔર પવિત્રતાસે ભરપૂર દેવ - દેવીઓંકા જન્મ હોગા. પાંચહજાર સાલ પહેલે યહાં શ્રી લક્ષ્મી ઔર શ્રી નારાયણ કા રાજ્ય થા - જો સત્‌ધર્મકે આધાર પર ખડા થા. (ગીત - ‘‘ભારત ફિર ભરપૂર બનેગા....’’ સમૂહ ગાન)

**સમય :** સુના માનવ, કિતના સુંદર, કિતના ભવ્ય ભારતકા ઉજ્જ્વલ ભવિષ્ય થા!

**માનવ :** વાહ ! ભગવાન વાહ ! તેં આવી સુંદર મહાન સ્વર્ણિમ દેવભૂમિનું સર્જન કર્યું હતું, તો પછી આજે એ જ સ્વર્ગીય ભારત નરક સમાન કેમ બની ગયું છે ? શું આ ધરતી પર ફરીથી સુખ, શાંતિ અને સમૃદ્ધિનો સોનેરી સૂરજ ઊગશે?

**સમય :** અવશ્ય, માનવ અવશ્ય. યહ અવિનાશી, ભારતભૂમિ ફિરસે સ્વર્ગીય દેવભૂમિ હોગી - નજદીક ભવિષ્ય મેં હી ! હે માનવ આત્મા, સમજ લે - યુગચક્ર, ઋતુચક્ર ઔર જનમ-મૃત્યુ કે ચક્ર હી નિરંતર ઘુમતા હી રહતા હૈ. સતયુગ, ત્રેતા, દ્વાપર - તીનોં યુગ બીત ચુકે હૈં. અભી ચલ રહા હૈ કલિયુગ કે અંત કાદશ્ય. અધર્મ ઔર પાપાચારકી રાત્રિ પૂરી હોનેવાલી હૈ. સૃષ્ટિ કે વિનાશકી તૈયારિયાં નજર નહીં આતી? (તીન તાલી બજાના - વિજ્ઞાનકા પ્રવેશ)

**માનવ :** તમે વળી કોણ છો ભાઈ?

**વિજ્ઞાન :** હું છું વિજ્ઞાન. જેવી માનવની વૃત્તિ બદલાતી રહી તેવી તેવી શોધ માટે મેં તારી બુદ્ધિને પ્રેરણા આપી. તને પક્ષીઓની જેમ આકાશમાં ઊડવાનું મન થયું, મેં હેલિકોપ્ટર, વિમાન અને રૉકેટ શોધી આપ્યાં. સાગરમાં સહેલ કરવા ઇલેક્ટ્રીક બોટ અને સ્ટીમર, ધરતી પર ફરવા બસ ટ્રેનને કાર. મનોરંજન માટે સિનેમા અને સંગીતના અનેક વાજીંત્રો. દૂર દૂરના સ્વજનો, સ્નેહીઓને મળવા મોબાઈલ અને આઈફોન. દુનિયાભરની માહિતીના ભંડાર ખોલવા કમ્પ્યૂટર, લેપટોપ, ટેબલેટ અને આઈપેડ શોધી આપ્યા. ઠંડીમાં હીટર અને ગરમીની સીઝનમાં એ.સી.ની સાહ્યબી તથા સુખસગવડના પારાવાર સાધનોની તને સોગાદ આપી.

**માનવ :** આ માટે તારો ખૂબ આભાર બંધુ, પરંતુ આટઆટલો વૈભવ પામ્યા છતાં પણ મને સુખ-શાંતિ કે ખુશીની પ્રાપ્તિ નથી થઈ. માનવ-માનવ વચ્ચેના સંબંધોમાં સ્નેહને બદલે સ્વાર્થની બદબૂ ફેલાઈ ગઈ છે. રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે સંઘર્ષ અને યુદ્ધની જ્વાળાઓ જલી રહી છે.

**વિજ્ઞાન :** હે માનવ, વેરઝેર અને બદલાની ભાવનાને કારણે તો તારી બુદ્ધિએ અણુશસ્ત્રો પેદા કર્યા! મેં તો તને અણુની મહાન શક્તિનો પરિચય આપ્યો. તેં યુદ્ધની તૈયારી માટે એટમ બોમ્બ, હાઈડ્રોજન બોમ્બ, જીવાણું બોમ્બ, મિસાઈલ્સ જેવા અનેક વિનાશકારી શસ્ત્રો શોધ્યા. આ સર્વ હિંસક શસ્ત્રો તારી જ મનોવૃત્તિ - અહમ્, વહમ્, સત્તાની લાલસા અને હિંસક વૃત્તિનું પરિણામ છે. વિચાર કર, એક-બે સદી પહેલાં આટઆટલો મોતનો સરંજામ મોજૂદ હતો? આકાશ કે ધરતી

અશાંત હતાં ? પ્રકૃતિના પાંચે તત્ત્વો તારા પર મહેરબાન હતાં.

આ ધરતી તને મીઠા જળ, મધુરા ફળ અને સુંદર પુષ્પોની ખુશ્બૂ આપતી હતી. તેં જ તો જંગલો બાળીને અણુધડાકાઓ કરીને તથા તેના પેટાળમાંથી અનેક ખજાનાઓ લૂંટીને એને પરેશાન કરી દીધી છે. ભૂકંપ, જ્વાળામુખી, સુનામી, સેન્ડી, હિમપ્રપાત - આ બધું પ્રકૃતિના પ્રકોપના ચિહ્નો નહિ તો બીજું શું છે?

**સમય :** ચિંતિત મત હો માનવ, વિસર્જન ઔર નૂતન સર્જન દોનોં પરમપિતા પરમાત્મા શિવકા હી કર્તવ્ય હૈ. અગર વિજ્ઞાન દ્વારા વિનાશકારી અણુશસ્ત્ર નહીં બનતે ઔર પ્રકૃતિકા પ્રકોપ નહીં હોતા તો ઈસ તમોપ્રધાન સૃષ્ટિકા વિસર્જન ઔર યુગ પરિવર્તન કા દિવ્ય કર્તવ્ય કૈસે હોતા ? ઈસલિયે જો હોતા હૈ કલ્યાણકારી હી હોતા હૈ. પરમાત્મા કી યોજના અનુસાર સબ હો રહા હૈ. વિજ્ઞાન, પ્રકૃતિ ઔર માનવ- તુમ સબ નિમિત્ત માત્ર હો. કરાનેવાલા ગુપ્ત રીતિ કરા રહા હૈ. ઈસ પુરાની, જર્જરિત, મૂલ્ય વિહિન દુનિયાકા વિસર્જન ઔર નઈ દૈવી સંસ્કૃતિકા નવસર્જન કરના ઉનકા હી કર્તવ્ય હૈ ના ? દૂરાંદેશી બન કર સોચ, વો પરમચેતના પરમાત્મા - શિવ અબ અપના કર્તવ્ય કર રહે હૈં.

**સમય :** દેખો માનવ, કૌન આ રહા હૈ? (ધર્મકા પ્રવેશ) (ટેપ દ્વારા...)

''યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત, અભ્યુત્થાનાય ધર્મસ્ય, તદાત્માનમ્ સૃજામ્યહમ્ । પરિત્રાણાય સાધુનામ, વિનાશાય ચ દુષ્કૃતામ્, ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ।।

**ધર્મ :** હે માનવ, જ્યારે જ્યારે આ સૃષ્ટિપર અધર્મની વૃદ્ધિ થશે, ધર્મ ગ્લાનિ અર્થાત્ અનીતિ, હિંસા, પાપાચાર અને ભય વ્યાપી જશે ત્યારે આ કળિયુગી પતિત સૃષ્ટિના વિનાશ અને સત્‌ધર્મની પાવન સતયુગી સૃષ્ટિની સ્થાપના અર્થે હું અવતરીશ.

હે માનવ, સર્વ આત્માઓના પરમપિતા પરમાત્મા શિવ, એક સાધારણ માનવમાં ગુપ્ત રીતે અવતરણ કરીને વર્તમાન સમયે યુગ પરિવર્તનનું દિવ્ય કર્તવ્ય કરી રહ્યા છે. તું સમયને ઓળખ. આ કળિયુગી તમોપ્રધાન સૃષ્ટિના અંતની તૈયારીઓ નજર સમક્ષ છે. સંહારક અણુશસ્ત્રો અને પ્રકૃતિના પાંચે તત્ત્વોનો પ્રકોપ મહાવિનાશના એંધાણ આપે છે. નજદીક ભવિષ્યમાં આ ભારત ભૂમિ પર દૈવી સંસ્કૃતિનો ઉદય અવશ્ય થનાર છે. માટે, હે માનવ, આ અંતિમ જન્મને ધન્ય અને સફળ બનાવવા પરમપિતા પરમાત્મા શિવના કર્તવ્યને સમજી લે. માનવ જીવનનો અંતિમ ઉદ્દેશ્ય તો પ્રભુ મિલનનો છે. આથી સ્વયંને, અને સ્વયંના પિતા શિવને ઓળખી, તેમના આદેશનું પાલન કરીને જન્મો જન્મનું ભવિષ્ય ઉજ્જ્વળ બનાવી લે. અત્યારે નહિ જાગે તો પાછળથી પશ્ચાત્તાપનો જ અવસર આવશે.

**માનવ :** હે સત્‌ધર્મ, અમે તો જન્મોજન્મથી પરમાત્મા શિવને પથ્થરનું શિવલિંગ માનીને પૂજા કરી છે. શિવલિંગ પર જલાધારી રાખી, દૂધ અને બિલીપત્ર ચઢાવી પૂજા કરીએ છીએ. અન્ન

ત્યાગ કરીને ઉપવાસ કરીએ છીએ.

**સતધર્મ :** હે માનવ - આત્મા, પથ્થરની મૂર્તિ કે શિવલિંગ સ્વયં પરમાત્મા નથી. પરમાત્માને તો હૃદયનો સાચો પ્રેમ જોઈએ છે. સંસારમાં ચારેકોર ભટકતા તારા મનને સ્થિર કરી, પરમાત્માના સત્ય સ્વરૂપ સાથે સંબંધનો તાર જોડી દે પછી તો સુખ, શાંતિ, પ્રેમ અને આનંદ સ્વરૂપે તને ભરપૂર કરી દેશે. પરંતુ સૌથી પહેલાં તું પોતે કોણ છે? અને સર્વ આત્માઓના એક પિતા પરમાત્મા કોને કહેવાય ? એટલું તો જાણી લે. વિવિધ ધર્મના પયગંબરોએ પરમાત્મા વિશે કહ્યું છે એ તારે જાણવું છે?

**માનવ :** હા, હા - મને જરૂર જણાવો. અમે તો મંદિર, મસ્જિદ, ચર્ચ કે ગુરૂદ્વારામાં જઈ દેવ-દેવીઓ, પયંગબરો કે શિવ લિંગને જ ભગવાન માની પૂજા કરીએ છીએ.

**સમય :** (ત્રણ તાળી પાડે છે) ઈસ્લામ ધર્મ કે સ્થાપક, પ્રથમ પયગંબર ઈબ્રાહિમ - આપ પધારિયે, સદિયોં પહલે આપને અલ્લાહ કે બારે મેં કયા કહા થા ? બતાઈયે.

**ઈબ્રાહિમ :** ''અલ્લાહ નૂર-એ-ઈલાહિ'' - માના તેજોમય હૈ. ''અલ્લાહ હો અકબર'' માના વો એક હી હૈ ઔર મહાન હૈ. વહ પરવરદિગાર ઔર રહનુમા હૈ. ઉન્હોંને કહા, હે રૂહોં, તુમ આપસ મેં ભાઈચારા રખો, કિસીકો દુઃખ મત દો, ખૈરાત કરો ઔર સબ ધર્મોંકા સમ્માન કરો.

**સમય :** (તીન તાલી બજાકર) ખ્રિસ્તી ધર્મ કે પયગંબર મહાત્મા ઈશુ, આપ ભી પધારિયે ઔર કહિયે, દો હજાર સાલ પહલે આપને આકર પ્યારે પ્રભુ કે બારે મેં કયા બતાયા થા ?

**ઈશુ ખ્રિસ્ત :** ''ગોડ ઈઝ વન. ગોડ ઈઝ લાઈટ.'' સુપ્રિમ ફાધર - પરમપિતા એક હી હૈ. ઔર મૈં ઉનકા પુત્ર હૂં. વો લાઈટ માના પ્રકાશ સ્વરૂપ હૈ. પ્રેમ ઔર દયાકા સાગર હૈ. ઉનકા યહી સંદેશ હૈ કિ - હે માનવો, એક દૂસરેસે પ્રેમકા વ્યવહાર કરો પરસ્પર ક્ષમા કરો. દુઃખિયોં પર દયા કરો. અપને પાપોંકા પ્રાયશ્ચિત કર. પ્રભુસે ક્ષમા લે લો. પ્યારે પ્રભુ તુમ્હારે લિયે સ્વર્ગકા દ્વાર ખોલને કે લિયે તૈયાર હૈ.

**સમય :** શીખ ધર્મ કે પયગંબર (પ્રવેશ કરે છે) ગુરૂ નાનક, આપ પધારિયે ઔર બતાઈયે કિ ઈશ્વર કે સંબંધ મેં આપને કયા બતાયા થા ?

**ગુરૂ નાનક :** ''પરમાત્મા એક, ઓમ્કાર, સત્નામ નિરાકાર સ્વરૂપ, અકાલમૂર્ત, અયોનિજ હૈ.'' વે હમ મનુષ્યોં કી તરહ ગર્ભ મેં જન્મ નહીં લેતે, ઈસ લિયે નિરાકાર, ઓમ્કાર ઔર સત્ય સ્વરૂપ હૈ.

**સમય :** હિંદુ ધર્મ શાસ્ત્ર શિરોમણિ ભગવદ્ગીતા કે રચયિતા મહાત્મા વ્યાસજી, આપ ભી પધારિયે (પ્રવેશ) આપને ભગવદ્ગીતા મેં પરમાત્મા કે બારે મેં કયા વર્ણન કિયા હૈ ?

**વ્યાસજી :** પરમાત્મા જયોતિ સ્વરૂપ, અવ્યકત, નિરાકાર, અજન્મા, અકર્તા, અભોક્તા હૈ. જબ જબ ઈસ સૃષ્ટિ પર અધર્મકા સામાજય ફૈલતા જાતા હૈ, તબ સ્વયં અવતરિત હોકર સત્ધર્મકી સ્થાપના ઔર અધર્મોંકા વિનાશ કર ફિરસે યુગ પરિવર્તનકા કલ્યાણકારી કર્તવ્ય કરતે હૈં.

**સમય :** સુના ? માનવ, સભી ધર્મોંકા પરમાત્મા એક હી જ્યોતિ સ્વરૂપ - નિરાકાર હૈ. જો પરમધામ

**(અનુસંધાન પેજ નં. ૨૬ પર)**

# શિવરાત્રી

## બ્ર.કુ. ડૉ. વિઠ્ઠલભાઈ રીઝીયા, લાઠી

ભારતીય સંસ્કૃતિની પરંપરાને નિભાવવા આપણા ધર્મપ્રધાન દેશમાં દેવી, દેવતાઓ, સંતો, મહાત્માઓ તેમજ દેશ નેતાઓની જન્મજયંતીઓ ઉજવવામાં સંપૂર્ણ રસ દાખવવામાં આવે છે. પરંતુ એ પ્રત્યેક આત્માઓના જે પિતા છે તે નિરાકાર શિવ પરમાત્મા જ્યોતિર્લિંગની જન્મ જયંતી મનાવવામાં ઉપેક્ષા સેવાય છે. અન્ય જન્મોત્સવ અને તેની ઐતિહાસિક માહિતીથી વિદિત છીએ એટલા શિવ જયંતીના યથાર્થ રહસ્યને લોકો જાણતા નથી. પરમધામ નિવાસી શિવને માત્ર આરાધ્ય મહાદેવ ગણીને ભાવના અતિરેકમાં જાણવાની કોશિષ કરી નથી. ફક્ત ચીલાચાલુમાં દોરવાઈને બધું જ કરીએ છીએ પરંતુ વિવેક બુદ્ધિથી વિચારતા નથી. આને પરિણામે શિવ કોણ તેનો જન્મ કયારે.... કેવી રીતે.... શા માટે થયો.... બીજાની જયંતીને જન્મદિન કહેવાય અને શિવ જન્મને શિવરાત્રી કેમ કહેવાય છે....? એ પ્રશ્નો આજ સુધી અનુત્તર રહ્યા છે.

જો આ વિશ્વને શિવ અને શિવ જયંતીની ખરી હકીકતનો ખ્યાલ હોત તો શિવરાત્રી માત્ર ઉપવાસ, જાગરણ, બીલીપત્ર અને ભાંગ પૂરતી ક્રિયાકાંડનો વિષય ન રહેતાં આજે દિનરાત વધતી જતી ઉચ્છૃંખલતા, અરાજકતા, વર્ગવિગ્રહ, અને સમસ્યાઓનું સમાધાન માત્ર આ વિશ્વ વિભૂતિની જાણકારી દ્વારા પ્રાપ્ત થઈ શક્યું હોત.

આજે જુઓ સમગ્ર દેશના ખૂણે ખૂણે સ્થપાયેલા દેવી-દેવતાઓના વિવિધ મંદિરોનું ભાગ્યે જ કોઈ એવું મંદિર હશે કે જેમાં શિવાલય ન હોય. એટલું જ નહિ ચારવેદ અને અઢાર પુરાણોનો આધ્યાત્મિક સંસ્કાર વારસો ધરાવતા આ દેશમાં કોઈ એવો ગ્રંથ નથી કે જેમાં શિવમહિમા ન હોય તેમ છતાં...?

અમરનાથ, રામેશ્વર, વિશ્વનાથ, સોમનાથ, બાબુલનાથ, પશુપતિનાથ કહીને શિવને અનાથના નાથ તરીકે સ્વીકાર્યા એટલું જ નહિ શિવને દુઃખ હર્તા માનીને દુઃખભંજન, ભીડભંજન, કષ્ટભંજન નામથી પોકાર્યા તેમ છતાં...?

શ્રી કૃષ્ણએ શિવને સુપ્રિમ ગણીને વનરાવનમાં સ્વહસ્તે સ્થાપેલ ગોપેશ્વર શિવ તેમજ શ્રી રામે દક્ષિણમાં સ્વહસ્તે સ્થાપેલ રામેશ્વર શિવનો જગતમાં જોટો નથી. દેશનો મોટો વર્ગ આ બે વિભૂતિઓનાં અનુયાયીઓ છે. પોતાના ઈષ્ટદેવ શિવને પ્રભુ કહે છે તેમ છતાં....?

તમામ ભારતીય મુખ્ય ધર્મોમાં જેવા કે આજથી ૫00 વર્ષ પહેલાં ગુરૂનાનકે સ્થાપેલા શિખ ધર્મમાં શિવ પરમાત્માને ૐકાર અકાલતખ્ત તરીકે બતાવ્યા છે.

આજથી ૧૪00 વર્ષ પહેલા મહંમદે સ્થાપેલા મુસ્લિમ ધર્મમાં અલ્લાહને નૂર અર્થાત પ્રકાશ કહીને તેની પ્રાપ્તિ કરવા...

આજથી ૧૫00 વર્ષ પહેલા શંકરાચાર્યના સન્યાસધર્મ....

આજથી ૨000 વર્ષ પહેલા ક્રાઇસ્ટ સ્થાપિત ક્રિશ્ચિયન ધર્મમાં પરમાત્માને લાઈટ સ્વરૂપ (God is Light) માનવા....

આજથી ૨૨૫0 વર્ષ પહેલાં ગૌતમ બુદ્ધે સ્થાપેલા બૌદ્ધ ધર્મમાં અને મહાવીર સ્વામીએ સ્થાપેલા જૈન ધર્મમાં આત્માને વિકારો મુક્ત કરી પરમાત્મામાં જોડવા....

આજથી ૨૫00 વર્ષ પહેલાં ઈબ્રાહિમે સ્થાપેલા ઈસ્લામ ધર્મમાં ખુદને ઓળખીને ખુદાને પામવા....

આજથી ૫૦૦૦ વર્ષ પહેલા ખુદ શિવ પરમાત્માએ સ્થાપેલ સનાતન દેવી-દેવતા ધર્મમાં તેના દ્વારા જ તેને ઓળખવા... કહ્યું છે. આમ નિરાકાર શિવ પરમાત્માને અને તેના દિવ્ય અવતરણને દેશભરના ધર્મોએ એક કે બીજી રીતે સ્વીકારેલ છે. એટલું જ નહિ ભારતીય સીમાડાઓની બહાર,

મક્કામાં શિવલિંગ જેવા સંગ-એ અસ્વદને ચૂંબવા

જાપાનમાં શિવલિંગ જેવા આકારને સ્મરવા

લેબેનોનમાં શિઅન (નિરાકાર)માં બુદ્ધિને કેન્દ્રિત કરવા

મિસરમાં ઓસિરીસ ને માનવા

મુસા (Mojes)ને પહાડી પર નિરાકારના સાક્ષાત્કાર દ્વારા સુપરસ્ટાર હસ્તી શિવ પરમાત્માની જ મહિમા કરાઈ છે તેમ છતાં....?

આપણી સૌથી મોટી કરુણાવસ્થા એ છે કે સર્વે સર્વા શિવ પરમાત્માના વાસ્તવિક પરિચયથી આપણે વંચિત છીએ.

વાસ્તવમાં શિવ પરમાત્મા એ પ્રત્યેક માનવ આત્માઓના પિતા છે. તેથી ગીતામાં ત્વમેવ માતા ચ પિતા ત્વમેવનું ગાયન છે. આત્મા અને પરમાત્મા બન્ને મૂળ પરમધામ નિવાસી છે. બ્રહ્મા દ્વારા સૃષ્ટિની રચના કરાવીને શિવની શ્રીમત મુજબ સતયુગથી શરૂ થતાં સૃષ્ટિચક્રમાં ક્રમાનુસાર માનવ આત્માઓ પરમધામથી નીચે દેહાકારે અવતરે છે.

આ ચક્ર દરમ્યાન સૃષ્ટિની પાલનાનું કામ શિવ પરમાત્મા વિષ્ણુ દ્વારા કરાવે છે. વિષ્ણુ લક્ષ્મી નારાયણરૂપે વિશ્વ મહારાજન અને વિશ્વ મહારાણી બનીને તત્કાલીન વિશ્વની પાલના કરે છે. લક્ષ્મી-નારાયણનું સંયુક્ત સ્વરૂપ એ વિષ્ણુ છે.

માનવ અવતરણની ક્રિયા ત્રેતાયુગ દ્વાપરયુગ અને છેક કળિયુગ સુધી અવિરત ચાલુ રહે છે. તેથી વિશ્વ ઉપર દિનપ્રતિદિન વસ્તી વધતી જાય છે.

અવિરામ ફરતું રહેતું સૃષ્ટિચક્ર આખરે છેલ્લા તબક્કામાં આવે છે. ત્યારે આખું વિશ્વ પ્રકૃતિના તત્ત્વો સહિત આસુરી વૃત્તિવાળું બનતાં શિવ તેના કલ્યાણકારી વિનાશની પ્રક્રિયા શંકર પાસે કરાવે છે. આજના અણુ વૈજ્ઞાનિક હિંસક શસ્ત્રો શંકરની સૂક્ષ્મ પ્રેરણાની ફલશ્રુતિ છે.

આમ બ્રહ્મા વિષ્ણુ અને શંકર પાસે સૃષ્ટિની રચના પાલના અને વિનાશની કાર્યવાહી ખુદ શિવ પરમાત્મા કરાવે છે. તેથી તેની સ્મૃતિરૂપે શિવલિંગ ઉપર ત્રિપુંડ કરાય છે. અને શિવને ત્રિમૂર્તિ શિવ કહેવામાં આવે છે. અને આ ત્રણે દેવતાઓ શિવની શ્રીમત ઉપર વારી જઈને તેની ફરજો બજાવે છે. તેના રૂપક તરીકે ત્રણ પાનવાળું બિલીપત્ર શિવલિંગ ઉપર ચડાવાય છે.

જેમ નાટકના છેલ્લા દશ્યોમાં તમામ અભિનેતાઓ રંગમંચ ઉપર આવી જાય તેમ કળીયુગના અંતે સૃષ્ટિના વિનાશ પહેલા પ્રત્યેક માનવ આત્માઓ પરમધામથી સૃષ્ટિપર અવતરિત થઈ જાય છે. અને ત્યારે સમગ્ર વિશ્વ પતિત, વિકારી અને આસુરી વૃત્તિઓથી ભરપૂર બને છે. ધર્મની અતિ ગ્લાનિ થાય છે. ત્યારે... બરાબર જરૂરિયાતના સમયે.... જેમાં ખુદ શિવ પરમાત્માની શ્રીમત (શ્રેષ્ઠમત) સંગ્રહાયેલી છે તેવી શ્રીમત ભગવત ગીતામાં કરેલા વાયદા,

**''યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત,**

**............. સંભવામિ યુગે યુગે..**

મુજબ સતયુગી દુનિયાની સ્થાપના કરાવી નવેસરથી સૃષ્ટિચક્ર શરૂ કરાવવા ખુદ શિવ ભગવાન આ ધરાપર અવતરિત થાય છે. પોતે નિરાકાર હોઈ બ્રહ્માના તનનો આધાર લઈ દિવ્ય અવતાર ધારણ કરે છે. જેને શિવજયંતી કહે છે. કળીયુગરૂપી ઘોર કાળરાત્રીમાં અવતરે છે તેથી શિવજયંતીને શિવરાત્રી કહે છે. અને જ્યાં સુધી

નવી દુનિયાની રચનાનું કામ પૂરું ન થાય ત્યાં સુધી શિવપરમાત્મા આ ધરા પર જ રહે છે. અને પ્રતિ વર્ષ ચૌદશની અંધારી રાતે પ્રતીકરૂપે શિવરાત્રી ઉજવાય છે. એકવાર આ રચાઈ ગયેલો ક્રમ દરેક સૃષ્ટિચક્રમાં પુનરાવર્તન પામે છે. જ્ઞાનસૂર્ય શિવપરમાત્માનું અવતરણ માતાના ઉદરથી નહિ પરંતુ પરમધામથી પરકાયા પ્રવેશથી થાય છે. તેથી અજન્મા કહેવાય છે. તેટલા માટે શિવાલયમાં શિવલિંગની સ્થાપના મંદિરના ઘુમ્મટમાંથી કરાય છે. જ્યારે દેવી-દેવતાઓ માતાના ઉદરથી અવતરે છે તેથી તેની પ્રતિષ્ઠા મંદિરના દ્વારમાંથી કરાય છે.

ભારતના બાર મુખ્ય જ્યોતિર્લિંગમની સ્થાપના જમીનના ઊંડાણમાં કરવામાં આવી છે. તે પરમાત્મા શિવના ગુપ્ત અવતરણનું સૂચક છે. કારણ કે ભગવાનનું અવતરણ ગુપ્ત હોય છે. અને તેનો ઉલ્લેખ પણ ગીતામાં ''હું જેવો છું તેવા રૂપમાં મને કોઈ ઓળખી શકતું નથી.'' કરવામાં આવ્યો છે.

શિવરાત્રીના તહેવાર પાછળ શિકારી અને હરણની કથા પ્રચલિત છે. તેમાં કરાતું જાગરણ એ તમામ માનવઆત્માઓની જાગૃતાવસ્થાનું સૂચક છે. અને ઉપવાસ એ ઉપરવાસ અર્થાત બુદ્ધિથી પરમધામ નિવાસી શિવની યાદનું સૂચક છે. ભાંગ પીવાનો અર્થ ઈશ્વરીય જ્ઞાનામૃતથી અતીન્દ્રિય સુખમાં મસ્ત બની નારાયણી નશો ચડાવવો છે.

આત્માઓને જ્ઞાનામૃતપાન કરાવી પોતે વિષપાન કરે છે. ફક્ત પાણીના લોટાથી પ્રસન્ન થાય છે. શિકારીને એક જ રાતમાં શિવે સાક્ષાત્કાર બતાવ્યો છે. ધતુરાના ફુલ પોતે લઈને આત્માઓને અખૂટ પ્રાપ્તિ કરાવે છે. તે ભોળાનાથનું પ્રતીક છે. કળીયુગના પતિત સમાજને બ્રહ્માના મુખ દ્વારા ઈશ્વરીય જ્ઞાન આપી પાવન બનાવે છે તેથી પતિતપાવન કહેવાયા છે. અને વિકારો/વ્યસનો છૂટે તો પાપાચાર અટકે છે તેથી પાપકટેશ્વર જેવા વિશેષણો મળ્યા છે. વળી તે અજન્મા હોઈ તેનું મૃત્યુ નથી તેથી તે અમરનાથ કહેવાય છે.

શિવપુરાણમાં વર્ણન છે કે કળીયુગના અંતે થનારા મહાપ્રલય પહેલા એક સ્વયંભૂ અદ્ભુત જ્યોતિર્લિંગમ પ્રગટ થયું જે સ્વયંભૂ અર્થાત્ શંભુ કહેવાયા એ ઘટના શિવજયંતીને પુષ્ટિ આપે છે. પોતે સુપ્રિમ હસ્તી (પરમ-આત્મા = પરમાત્મા) હોઈ આત્માની માફક કોઈ માતાપિતા, ગુરુ શિક્ષકની પાલના લેતા નથી. આત્માની જેમ પરમાત્મા પણ અદ્રશ્ય હોય છે. ગીતા એ ખુદ નિરાકાર શિવ પરમાત્માની શ્રીમતનો સંગ્રહ છે તેથી ગીતામાં પરમાત્મા માટે અજન્મા, અકર્તા, અભોક્તા, અજર, અમર વગેરે શબ્દો વપરાયા છે. ગીતાને તેથી જ શાસ્ત્રશિરોમણી ગણીને ન્યાયાલયોમાં તેનો સદ્ઉપયોગ કરાય છે. વિશ્વની ૧૪૦૦ ભાષાઓમાં ગીતાનો અનુવાદ થયો છે.

આ પ્રસંગે એ જાણવું પણ અતિ આવશ્યક છે કે શિવ અને શંકર એક નથી. શિવ યોગેશ્વર છે, શંકર યોગમૂર્તિ છે. શિવ લિંગાકાર અર્થાત નિરાકાર જ્યોતિર્બિંદુ છે જ્યારે શંકર દેહાકાર છે. શિવ રચયિતા છે. શંકર તેની રચના છે. શિવ પરમાત્મા પિતા છે. જ્યારે શંકર આત્મા પુત્ર છે. શિવ પરમધામ નિવાસી છે. જ્યારે શંકર સૂક્ષ્મવતન નિવાસી છે. શિવ સંસ્કૃત શબ્દ છે તેનો અર્થ કલ્યાણકારી થાય છે. જ્યારે શંકર રૌદ્રસ્વરૂપ વિનાશકારી દેવતા છે. વ્યવહારમાં પણ 'શિવ પરમાત્માય નમ અને 'શંકર દેવતાય નમઃ કહીએ છીએ. શિવરાત્રી કહીએ છીએ શંકર રાત્રી કહેતા નથી. શિવપુરાણ કહીએ છીએ, શંકરપુરાણ કહેતા નથી. આમ બન્નેના આકાર જુદા, નામ જુદું, કામ જુદું હોઈ બન્નેમાં મહાન અંતર છે. શંકર પોતે શિવનું ધ્યાન ધરી પોતાને ધન્ય સમજે છે.

શિવની જટામાંથી વહેતી સ્થૂળ પાણીની ગંગા એ તો પ્રતીક છે. ખરેખર તો શિવપરમાત્માના મસ્તક અર્થાત્ મુખથી બ્રહ્મા દ્વારા વહેતી સૂક્ષ્મ જ્ઞાનગંગામાં સ્નાન કરવાથી પાપ ધોવાય છે. શિવજ્ઞાનથી વ્યસન-વિકાર છૂટે છે. અર્થાત્ શિવ ત્રીજું નેત્ર ખોલીને કામદહન કરે છે. સમગ્ર વિશ્વની જે શાશ્વત શાન્તિની ચાહના છે તે નિરાકાર શિવપરમાત્મા સાથે ચિત્ત જોડી યોગ સાધનાથી પ્રાપ્ત કરી શકાય છે. સર્પ એ કામેચ્છા તરફની ચેતવણીનું પ્રતીક છે. બળદ જગતના જીવોનું ઉદર પોષણનું સૌમ્ય પ્રતીક છે. કાચબો જરૂર પૂરતો ઉપયોગ કરી અંગોને સંકોરીને ફસાતા માનવ સમાજને ચેતવે છે.

આમ, જનકલ્યાણ અને અન્યની ચડતીકળા માટે ગામ, રૂપ, દેશ, કાળ, ગુણ અને કર્તવ્યના આધારે ઈશ્વરની ખરી પહેચાન હોવી જરૂરી છે. ૨૧મી સદીની ઉષા પ્રગટી રહી છે ત્યારે ધર્માન્ધતા છોડી વાસ્તવિકતા સ્વીકારી સમાજનો વર્તમાન ધાર્મિક ઢાંચો બદલવો અતિ આવશ્યક છે. તો જ સમાજને ઉન્નતિના સર્વોચ્ચ શિખરે લઈ જઈ શકાશે.

---

**(પેજ ૧૦ નું અનુસંધાન)**

સ્વયંને યાદ અપાવો.... હું શક્તિશાળી આત્મા છું. પરિસ્થિતિઓનું નિયંત્રણ કરનાર છું. હું મારા મનની માલિક છું.... મારી આજુબાજુ.... ભલે ગમે તે પણ થઈ જાય.... કોઈ ગમે તેવો પણ વ્યવહાર કરે.... મારી વિચારધારા.... છતાં પણ મારી રચના છે.... આજે.... હું આખા દિવસની વ્યવસ્થા રાખું છું.... તે હું જ છું. એ મારું મન જ છે.... હું શક્તિશાળી આત્મા છું.... મારા સંકલ્પોની રચયિતા હું જ છું.... કોઈ પણ સ્થિતિનું સન્માન કરીશ.... હવેથી હું સંકલ્પોની રચના કરીશ.... શક્તિશાળી હકારાત્મક સંકલ્પોની.... મારો દરેક સંકલ્પ.... શક્તિશાળી.... શુદ્ધ.... અને હકારાત્મક હશે....

*** ઓમ્ શાંતિ ***

# ગીત

તર્જ (જેનાં મુખમાં રામનું નામ નથી)

પ્રભુ આવી ચૂક્યા તમે અવની પર,
ખુશીઓથી મનડું નાચી ઉઠયું.
જોઈ જયોતિ સ્વરૂપ શિવ નિરાકાર,
બ્રહ્માના તનમાં બિરાજી રહ્યું.
જાણે આકાશ ધરતીથી ના દૂર રહ્યું,
એવું શિવબાબાથી બાળકોનું મિલન થયું
મન અમન ગુણોથી ખીલી ઉઠયું,
ખુશીઓથી મનડું નાચી ઉઠયું
અંધકારનાં વાદળો વિખરાઈ ગયા,
જ્ઞાનસૂર્યના કિરણો ફેલાઈ રહ્યાં.
પ્રભુમિલનથી હૃદય ભીંજાઈ ગયું.
ખુશીઓથી મનડું નાચી ઉઠયું.
છૂટયાં દેહનાં ભાન, સુખ અથાહ મળ્યું,
જાણે કાદવમાંથી કોહીનૂર જડયું.
કિસ્મતનો સિતારો ચમકી ઉઠયો,
ખુશીઓથી મનડું નાચી ઉઠયું.
રગરગમાં નાદ ગુંજી રહ્યો,
વાહ વાહનાં ગીતો ગાઈ રહ્યો,
પ્રભુ પિતાને જોઈ અંતર અંજાઈ ગયું.
ખુશીઓથી મનડું નાચી ઉઠયું.
પ્રભુ આવી ચૂક્યા તમે અવની પર,
ખુશીઓથી મનડું નાચી ઉઠયું.

- બ્ર.કુ. ગોદાવરી, મુલુંદ, મુંબઈ

# ત્રિમૂર્તિ પરમાત્મા શિવનું દિવ્ય કર્તવ્ય

## બ્ર.કુ. પ્રીતિબેન, ચિલોડા

પરમાત્મા શિવને કરનકરાવનહાર કહેવામાં આવે છે. પરમાત્માના કર્તવ્ય વિષે વિશ્વમાં અલગ અલગ, માન્યતાઓ પ્રવર્તે છે. જેમ કે (૧) સંસારમાં સર્વે કાર્યો પ્રભુની ઇચ્છાથી જ અને તેની શક્તિથી જ થાય છે. (૨) સુખ અને દુઃખ બન્ને ભગવાન જ આપે છે. (૩) વૃક્ષના પાંદડાં ભગવાન જ હલાવે છે. તેમની ઇચ્છા વિના એક પાંદડું પણ ફરકી શકતું નથી. (૪) બાળક જન્મે તો લોકો કહેશે કે ભગવાને આપ્યો અને મૃત્યુ પામે તો કહેશે ભગવાને લઈ લીધો. જેવી પ્રભુની મરજી. વિવેક બુદ્ધિથી વિચારતાં ખ્યાલ આવશે કે પરમાત્માના કર્તવ્યો આટલા સીમિત કઈ રીતે હોઈ શકે ? એમણે તો જરૂર એવું પરમશ્રેષ્ઠ કર્તવ્ય કર્યું હોવું જોઈએ કે જેને કારણે આટલા બધા મંદિરો બંધાય છે. જેમ આઝાદીના ઘડવૈયાઓએ દેશને આઝાદી અપાવવા માટે ખૂબ પ્રયત્નો કર્યા હતાં તેની યાદગાર રૂપ ચાર રસ્તા વચ્ચે તેમનું પૂતળું બનાવી મૂકવામાં આવે છે. પણ તેના પર તો તડકોય પડે ને વરસાદેય પડે. પણ ભગવાનના તો ભવ્ય મંદિરો બંધાય, ભક્તિભાવથી પૂજન થાય લોક મુખે મહિમા ગવાય તો જરૂર એમણે કોઈ પરમશ્રેષ્ઠ કર્તવ્ય કર્યું હોવું જોઈએ.

**પરમાત્માના કર્તવ્યો...**

**(૧) સર્વ આત્માઓ પ્રતિ સમાન રૂપે હોય સમદ્રષ્ટિ ગત હોય.**

**(૨) દિવ્ય અને કલ્યાણકારી હોય.**

**(૩) જે કાર્ય કોઈ મનુષ્યમાત્ર ન કરી શકે, તેવું ભિન્ન હોય.**

સમગ્ર વિશ્વની દશા વિકારોને કારણે દુઃખી અને દયનીય તથા અશાંતિની ચરમસીમાએ પહોંચે છે. ત્યારે જ એ કલ્યાણકારી પિતા પરમાત્મા એક વિશેષ માનવ તન ને માધ્યમ બનાવીને પ્રકૃતિને વશ કરી ગુપ્ત અને દિવ્ય અવતરણ કરે છે. અને **(૧) વિષય સાગરમાં અશાંત બનેલા માનવોને અમૃત તત્ત્વનો માર્ગ બતાવે છે. (૨) માનવોની પામરતા મીટાવી પુણ્ય પ્રગટાવે છે. (૩) અસત્ માર્ગેથી પાછા વાળી, સત્ય પ્રતિ દોરી જાય છે. (૪) કોડી સમાન મૂલ્યહીન જીવનને હીરા સમાન મૂલ્યવાન બનાવે. (૫) પામર અને પતિત માનવને પુરુષાર્થ કરાવી દેવતા સમાન સંપૂર્ણ અને સંપન્ન જીવનનો રાહ ચીંધે છે. આજ કારણે તેમની મહિમામાં બીગડી કો બનાનેવાલા, પતિત પાવન, દુઃખ હર્તા સુખ કર્તા વગેરે શબ્દોની અભિવ્યક્તિ થાય છે.**

પરમાત્માને તેમના આ ઉદ્દેશને માટે ત્રણ અલૌકિક કાર્ય કરવાની જરૂર પડે છે. (૧) સતયુગી દૈવી સૃષ્ટિની સ્થાપના (૨) સતયુગી દૈવી સૃષ્ટિની પાલના (૩) કલિયુગી આસુરી સૃષ્ટિનો મહાવિનાશ.

જેવી રીતે દેશના વડાપ્રધાનની નીચે મંત્રીગણ હોય છે. જે વડાપ્રધાનના આદેશથી ભિન્નભિન્ન પ્રદેશોનો કારોબાર સંભાળે છે. તેવી જ રીતે નિરાકાર અજન્મા કરનરાવનહાર પરમાત્મા શિવ પણ આ ત્રણ દિવ્ય કર્તવ્ય કરાવવા માટે ત્રણ સૂક્ષ્મ આકારી દેવતાઓ બ્રહ્મા, વિષ્ણુ, અને શંકરની રચના કરે છે. અને તેથી જ પરમાત્મા શિવને ‘ત્રિમૂર્તિ શિવ કહેવામાં આવે છે. જેની યાદગાર રૂપ શિવલિંગ પર ત્રણ લકીર ‘ત્રિપુંડ દોરવામાં આવે છે. આ ઉપરાંત પરમાત્મા શિવની મહિમામાં તેમને ત્રિકાલદર્શી, ત્રિલોકીનાથ પણ કહેવામાં આવે છે. અને તેમને ત્રણ પત્તાનું બિલીપત્ર પણ ચઢાવવામાં આવે છે. શિવપુરાણમાં પણ પરમાત્માના

આ દિવ્ય કર્તવ્યને વર્ણવતો શ્લોક છે.

*''ब्रह्मा विष्णु महेश्वर, रूद्रमा सृजाम्यहम्।।''*

અર્થાત્ બ્રહ્મા-વિષ્ણુ-શંકર પણ શિવ દ્વારા સર્જીત છે.

પરમાત્માને માટે અંગ્રેજીમાં કહેવાતો GOD શબ્દ પણ તેમના આ દિવ્ય કર્તવ્યને સૂચિત કરે છે.

**G** - Generation, સ્થાપના

**O** - Operation, પાલના

**D** - Destruction, વિનાશ

શિવલિંગ પર પણ ત્રણ રેખાઓ લગાવવામાં આવે છે. વચ્ચે એક આંખ હોય છે. ત્રણે કાળોને જાણનારા, મનુષ્યોને પણ જ્ઞાનનું ત્રીજુ નેત્ર આપવાવાળા, ત્રણ પત્તાના બીલીપત્ર પણ પરમાત્મા શિવ બ્રહ્મા વિષ્ણુ શંકરના રચયિતા હોવાની યાદગાર છે. પોતે નિરાકાર હોવાથી સૃષ્ટિની સ્થાપના પાલના અને વિનાશનું કર્તવ્ય કઈ રીતે કરે ! તેથી તેમણે આ દેવતાઓને નિયુક્ત કર્યા. જેમને અલગ અલગ ધર્મોમાં અલગ અલગ નામથી ઓળખવામાં આવે છે. જેમ કે Three Holy Spirit, Three lord of Angel, ના રૂપમાં યાદ કરે છે.

જેમ શ્રી રામ શ્રી કૃષ્ણની જન્મ અને જીવન કહાની બતાવવામાં આવે છે. એવી રીતે બ્રહ્મા-વિષ્ણુ અને શંકરની ઉત્પત્તિ કેવી રીતે થઈ તેનું વર્ણન ક્યાંય જોવા નથી મળતું. તેમને નાભી રચના કહેવામાં આવે છે. હવે વિચારવા જેવી વાત છે કે બન્ને એક બીજાની નાભીમાંથી કેવી રીતે ઉત્પન્ન થાય ?

વાસ્તવમાં આ ત્રણેય દેવતાઓ પરમાત્માના કર્તવ્ય અર્થ ડાયરેક્ટ રચના છે. એટલા માટે બીજા દેવતાઓ પણ જ્યારે જરૂરત પડે છે. ત્યારે આ ત્રણ દેવતાઓ પાસે જાય છે. (જાણે કે મોટા ભાઈ છે.) પરમાત્મા પોતે અકર્તા છે. અગર પોતે આ કાર્ય કરે તો કર્મબંધનમાં આવી જાય તેથી ત્રણ દેવતાઓ દ્વારા કરાવે છે. પરમાત્માથી ઉપર કોઈ આત્મા નથી જે અન્ય કોઈ યુગમાં આવી આપણને પાવન બનાવે, પરમાત્મા આત્માઓ અને પ્રકૃત્તિ આ ત્રણેયનું અસ્તિત્વ અનાદિ અને અવિનાશી છે. પરંતુ જ્યારે સૌ આત્માઓ તમોપ્રધાન, વિકારી અને નિર્બળ બની જાય છે. ત્યારે પરમાત્મા આવીને સૌ આત્માઓને પાવન બનાવીને પાછા લઈ જાય છે.

**બ્રહ્મા દ્વારા સ્થાપના :**

પરમાત્માને જ્યારે સૃષ્ટિ પરિવર્તનનો સંકલ્પ આવ્યો ત્યારે તેમણે બ્રહ્માજીને રચ્યા અને તેમને આ સંકલ્પ આવ્યો પછી બ્રહ્માજી એ તે કાર્ય આરંભ કર્યું.

આપને કદાચ એમ થશે કે આજ સુધી તો અમે બ્રહ્માજીને ચાર મુખવાળા, સફેદ દાઢી મૂછવાળા, સહસ્ત્રભૂજાધારી, વેદ શાસ્ત્ર હાથમાં ધારણ કરેલ, સાગરની વચ્ચે કમલ આસનધારી હોય તે રીતનો જ ફોટો જોયો છે. જ્યારે અહીંયા તો આ સાધારણ વ્યક્તિ દેખાય છે તે કોણ છે? આજે કોઈ પણ વ્યક્તિને પૂછવામાં આવે કે સૃષ્ટિનું સર્જન કોણે કર્યું ? તો તરત કહેશે બ્રહ્માજીએ. પરંતુ સાથે સાથે એવું પૂછવામાં આવે કે તમે બ્રહ્માના નામના કોઈ વ્રત, જપ, ઉપવાસ, માળા કરો છો ? તો કહેશે કે ના એવું તો કાંઈ નથી કરતાં, બ્રહ્માના મંદિરો પણ માત્ર બે જ! એક અજમેર પાસે પુષ્કરરાયજીનું મંદિર અને બીજું ખેડબ્રહ્મામાં. જેણે સૃષ્ટિનું સર્જન કર્યું તેનો આટલો ઓછો મહિમા કેમ ? કારણ કે તેઓ કલિયુગના અંત સમયની વ્યક્તિ છે.

વર્તમાન સમયે દુનિયાના સર્વ સ્થાનોથી દુઃખની આહ સાંભળી જાણે અજાણે ઈશ્વરને કરેલા પોકાર સાંભળી દયાના સાગર એ પિતા પરમાત્મા પોતાના વાયદા અનુસાર આ સૃષ્ટિ પર દિવ્ય અવતરણ કરે છે. શિવપુરાણમાં પણ કહ્યું છે. ''અજ્ઞાન અંધકારના સમયે

હું બ્રહ્માની ભૃકૂટિમાં પ્રકટ થઈને જ્ઞાન પ્રકાશ ફેલાવું છું.''

પરમાત્મા શિવ અજન્મા હોવાને કારણે જન્મ તો નથી લેતા પરંતુ પ્રજાપિતા બ્રહ્માના તનમાં પરકાયા પ્રવેશ કરે છે. કે જેમનું પહેલાનું નામ હતું દાદા લેખરાજ. જેઓ સિંધ પ્રાંતના હૈદરાબાદ શહેરમાં હીરા ઝવેરાતના પ્રસિદ્ધ વેપારી હતા. બાળપણથી જ વિષ્ણુના પરમભક્ત હતા. ગીતાપાઠ એ એમનો નિત્ય નિયમ હતો. ઝવેરી હોવાને કારણે રાજા પણ એવું કહેતા કે ભગવાને અમને રાજા બનાવ્યા તેના બદલે તમને રાજા બનાવ્યા હોત તેવા ગુણો તો તમારામાં છે. જ્યારે તેમની ઉંમર ૬૦ વર્ષની થઈ ત્યારે અગાઉથી વિષ્ણુ ચતુર્ભુજ, શ્રી કૃષ્ણના આઠ રૂપ અને સતયુગી દૈવી દુનિયાના સાક્ષાત્કાર સાથે આકાશવાણી થઈ કે 'ઐસી દુનિયા તુમ્હેં બનાની હૈ. ત્યારબાદ દાદા ગહન વિચારમાં ખોવાયેલા રહેતા હતા. ત્યારબાદ નિરાકાર પરમાત્મા શિવે તેમના તનમાં દિવ્ય અવતરણ કરી જ્ઞાનના મહાવાક્યો ઉચ્ચારણ કરવાની શ્રૃંખલા પ્રારંભ કરી હતી.

'પરબ્રહ્મમાં રહેનાર પરમેશ્વરે જે તનનો આધાર લીધો તેમનું નામ તેમણે 'પ્રજાપિતા બ્રહ્મા રાખ્યું.

(૧) પરમાત્માએ અનુભવી વયોવૃદ્ધ તનમાં પ્રવેશ કર્યો તેની યાદગારમાં તેમને સફેદ દાઢીમૂછવાળા બતાવવામાં આવે છે. (૨) પરમાત્માએ પ્રજાપિતા બ્રહ્માના મુખ દ્વારા જે જ્ઞાન આપ્યું તે વર્તમાન સમયે સમસ્ત વિશ્વમાં ચારેય દિશાઓમાં ફેલાયું જેની યાદગાર રૂપ બ્રહ્માજીને ચાર મુખવાળા બતાવવામાં આવે છે. (૩) પરમાત્મા શિવે બ્રહ્મામુખ દ્વારા આપેલ જ્ઞાનને અનેક લોકોએ સાંભળ્યું પરંતુ તેમાંથી કેટલાક લોકોએ તેને પોતાના જીવનમાં ઉતાર્યું તેઓ બ્રહ્મા મુખવંશાવલી બ્રાહ્મણો અર્થાત્ બ્રહ્માકુમાર અને બ્રહ્માકુમારી તરીકે ઓળખાયા. તેઓ પણ બ્રહ્માની સાથે સૃષ્ટિપરિવર્તનના ભગીરથકાર્યમાં સહયોગી બની ગયા તેથી બ્રહ્માજીને સહસ્ત્રભૂજાધારી કહેવાય છે. (૪) પ્રજાપિતા બ્રહ્માના મુખ દ્વારા જ્ઞાન સાગર પરમાત્મા શિવ સર્વે વેદો શાસ્ત્રોનો સાર સમજાવે છે. જેની યાદગારમાં બ્રહ્માજીના હાથમાં વેદશાસ્ત્ર બતાવવામાં આવે છે. (૫) પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માબાબા શિવબાબાના આદેશ અનુસાર સંસારમાં રહીને કમલ સમ પવિત્ર જીવન જીવવાના પ્રથમ પ્રેરણામૂર્તિ બન્યા તેથી તેમની યાદગારમાં સાગર વચ્ચે કમલ આસનધારી બતાવવામાં આવે છે. અર્થાત્ બ્રહ્માજીનું જે સ્વરૂપ બતાવવામાં આવે છે. તે તેમના ગુણો અને કર્તવ્યના પ્રતીક સ્વરૂપે દર્શાવાય છે.

પરમાત્માને નવી સૃષ્ટિની રચના તો કરવી છે. પણ તે માટે સૌ પ્રથમ તો એ દુનિયામાં જવાને લાયક મનુષ્યોને તૈયાર કરવા પડે ને. અને તેથી જ પરમાત્મા શિવ પ્રજાપિતા બ્રહ્માના મુખ કમલ દ્વારા જ્ઞાનના મહાવાક્યો ઉચ્ચારિત કરે છે. આ સત્ય જ્ઞાન અર્થાત્ સાચી સમજ મેળવીને એક એક મનુષ્ય આત્મા પોતાના મન, વચન, કર્મને શ્રેષ્ઠ દિવ્ય અને પવિત્ર બનાવી સતયુગી દુનિયામાં જવાને લાયક બને છે.

**બ્રહ્માની સાથે સાથે અનેક બ્રહ્મા વત્સો પણ ઉચ્ચ કોટીના સંકલ્પો કરી સમસ્ત વિશ્વમાં સુખ, શાંતિ, પવિત્રતા, આનંદ, પ્રેમ જેવા નીજી ગુણોના પ્રકંપનો (વાયબ્રેશન) ફેલાવીને બ્રહ્માના સંકલ્પો દ્વારા સૃષ્ટિ નવ રચનાના ભગીરથ કાર્યમાં સહકાર્યનિષ્ઠ બને છે. આ રીતે પરમાત્મા શિવ પ્રજાપિતા બ્રહ્મા દ્વારા નવસૃષ્ટિનું સર્જન કરાવે છે.**

**વિષ્ણુ દ્વારા પાલના :** જ્યારે સૃષ્ટિની નવરચનાનું કાર્ય થઈ જાય, આજ સૃષ્ટિ જ્યારે સતયુગી દૈવી દુનિયા તરીકે ઓળખાય છે. ત્યારે તે દૈવી દુનિયાની પાલના કરવાનું કર્તવ્ય પરમાત્મા શિવ વિષ્ણુ દ્વારા કરાવે છે. વિષ્ણુજીના ચાર હાથ પણ પ્રતીકાત્મક છે. વાસ્તવમાં

એ શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણના ભેગા (કમ્બાઈન્ડ) સ્વરૂપની યાદગાર છે.

**સતયુગી દૈવી દુનિયામાં પ્રથમ વિશ્વ મહારાજન 'શ્રી નારાયણ અને પ્રથમ વિશ્વ મહારાણી 'શ્રી લક્ષ્મીના રાજ્યમાં રાજા અને પ્રજા વચ્ચે અંતર ન હતું. તેમણે એક માતપિતાની જેમ તેમની પ્રજાની પાલના કરી હતી. સૃષ્ટિ નાટકની શરૂઆતમાં તેમના આ દિવ્ય કર્તવ્યની યાદગારમાં તેમના ભેગા સ્વરૂપ વિષ્ણુને આજ દિન સુધી લોકો 'પાલનહાર તરીકે ઓળખે છે.**

શ્રી વિષ્ણુ ડબલ તાજધારી હતા. એક વિશ્વ મહારાજનની જવાબદારીનો સોનાનો મુગટ અને બીજો પવિત્રતાના તેજનો મુગટ. આવા વિશ્વ મહારાજનના રાજ્યમાં જવા માટે તેમના હાથમાં ધારણ કરેલ ચાર અલંકારોને આપણા જીવનમાં ધારણ કરવા જરૂરી છે.

શ્રી વિષ્ણુના ચાર હાથમાં ચાર અલંકારો દર્શાવવામાં આવે છે. તેની તેમને સતયુગી દુનિયામાં કોઈ જરૂરત ન હતી. જો આપણે એ દૈવી દુનિયામાં જવાલાયક બનવું હોય તો અત્યારના સમયે આપણે ધારણ કરવાના છે. (૧) જેમ કે એક હાથમાં કમળ દર્શાવાય છે. શ્રી લક્ષ્મી નારાયણ ગૃહસ્થ જીવનમાં હોવા છતાં પણ તેમનું જીવન કમળ સમ પવિત્ર જીવન હતું. તેવી જ રીતે આપણે પણ આ સંસાર રૂપી કીચડની વચ્ચે તો રહેવાનું જ છે. પરંતુ કમળની જેમ મન-વચન-કર્મથી સંપૂર્ણ સ્વચ્છ પવિત્ર રહેવાનું છે. (૨) બીજા હાથમાં શંખ બતાવવામાં આવે છે. સવારના પહોરમાં મંદિરમાં શંખ વગાડવામાં આવે છે. કોઈને પૂછીએ કે શંખ શા માટે વગાડો છો તો કહેશે ભગવાનને જગાડવા માટે. હવે ભગવાન તો સદાય જાગતા જ છે. આપણે આત્માઓ અજ્ઞાનની ઊંઘમાં સૂતેલા છે. તેમાંથી જાગીને જ્ઞાનના પ્રકાશમાં આવવાનું છે. શંખનો ધ્વનિ મીઠો હોય છે. આપણને સાંભળવો ગમે છે. તેવી જ રીતે આપણે પણ બીજાની સાથે મીઠાશથી વર્તન કરીએ. (૩) ત્રીજા હાથમાં સ્વદર્શન ચક્ર બતાવવામાં આવે છે. સ્વ એટલે પોતાનું દર્શન એટલે જોવું. આપણે પોતે પોતાને જોઈએ કે મારામાં કેટલા ગુણ છે કેટલા અવગુણ છે. જે અવગુણ રૂપી અસુરો છે. તેના સ્વદર્શન ચક્રથી માથા કાપીએ. અને જે ગુણો છે. એના ટકા (%)વધારીએ. (૪) ચોથા હાથમાં જ્ઞાનરૂપી ગદા છે. જ્ઞાન અર્થાત્ સાચી સમજ જેના દ્વારા આપણે પોતાના જીવનને દિવ્ય બનાવી શકીએ.

**શંકર દ્વારા વિનાશ :** બ્રહ્મા દ્વારા સ્થાપિત થયેલી સતયુગી દૈવી સ્વરાજ્ય ૫૦૦૦ વર્ષ દરમિયાન જૂનું થઈ જાય છે. પરમાત્મા શિવ ત્યારે આકારી દેવતા શંકર દ્વારા કલિયુગી આસુરી દુનિયાનો વિનાશ કરાવે છે. શંકરને હમેશા તપસ્વી સ્વરૂપ બતાવવામાં આવે છે. અને કહેવાય છે કે તેમણે ત્રીજી આંખ ખોલીને સૃષ્ટિનો વિનાશ સર્જાયો. વાસ્તવમાં કોઈને મસ્તકમાં ત્રીજી આંખ ન હોય. પરંતુ વિજ્ઞાનબલ દ્વારા બનાવવામાં આવેલ એટમ બૉમ્બ એ શંકરની ત્રીજી આંખ સમાન જ છે ને ! જેના દ્વારા સૃષ્ટિનો મહાવિનાશ સર્જાશે. અને તેમાં પ્રકૃતિનું રૌદ્ર સ્વરૂપ પણ સાથ આપશે. પરંતુ આ વિનાશ પણ કલ્યાણકારી છે. કારણ કે જૂની દુનિયાનો વિનાશ થાય તો જ નવી દુનિયા આવી શકે.

જેમણે આ પુરુષોત્તમ સંગમયુગના મહામૂલા સમયે પરમાત્માની શ્રીમત અનુસાર પોતાના જીવનને દિવ્ય બનાવી સતયુગી દુનિયામાં જવાની તૈયારી કરી લીધી હશે. એવા આત્માઓને આ મહાવિનાશ સમયે કોઈ પણ પ્રકારનું દુઃખ નહીં થાય. તેઓ તો સાક્ષી બનીને મહાવિનાશ જોતા જોતા અનેક તરફડતા દુખી અશાંત આત્માઓને શાંતિનું દાન આપતા હશે.

# જીવન શૈલી

## બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

એક સમય હતો જેમાં માનવજીવનની શૈલી અતિ ઉત્તમ, નિયમશીલ, મર્યાદાસંપન્ન તેમજ નીતિમુજબ કારોબાર ચાલતો હતો. જે સમય માટે કહેવાય છે કે ''રામરાજા રામપ્રજા રામ શાહુકાર હૈ. બસે નગરી જીયે દાતા ધર્મકા ઉપકાર હૈ.'' યથારાજારાણી તથા પ્રજા સર્વે સુખી હતા. જેને સ્વર્ગીય દુનિયા સતયુગી વૈકુંઠ અથવા સુવર્ણ યુગ સ્વર્ણિમ સંસાર કહેવામાં આવતો હતો. પરંતુ ધીરે ધીરે સમય બદલાતાં માનવજીવનની શૈલી પણ બદલાતી ગઈ. જ્યાં માનવ આત્મા દેવઆત્મા સંપૂર્ણ નિર્વિકારી પવિત્ર શ્રીલક્ષ્મી નારાયણ મહાન દેવી દેવતા સતોપ્રધાન હતા તે સૃષ્ટિચક્ર અનુસાર સત્ ત્રેતા, દ્વાપર, કળિયુગનાં અંતમાં આવી ગયા. સતોપ્રધાનના જીવનમાંથી તમોપ્રધાનતામાં આવી ગયા. નિર્વિકારીમાંથી વિકારી બની ગયા. દેવપદથી માનવપદમાં આવી ગયા. સુખશાંતિ ખુશી આનંદમયમાંથી દુઃખ અશાંતિ રોગ, શોક ક્ષણે મૃત્યુ લોકમાં આવી ગયા. કારણ ? પહેલાંની જીવનશૈલીમાં મુખ્ય ચાર વાતો દેખાતી હતી.

**સર્વ પ્રત્યે આદરભાવ :** એ સ્નેહની ચાદરનું કામ કરતો હતો. વર્તમાન સમયે પારસ્પરિક પ્રેમ ભાવના, સહયોગનો ભાવ વગેરે દૂર થઈ ગયા છે. સત્તા સંપત્તિનાં સકંજામાં ફસાઈ માનવ દિવસમાં દશ રૂપ બદલે છે. સવારે શાંત શીતલ વ્યક્તિ બપોરે બેચેન દુઃખી અશાંત દેખાય છે. સાંજે એનું રૂપ ક્રોધાગ્નિમાં બળતું દેખાય. રાત્રે રાક્ષસ, દૈત્ય સમાન થઈ જાય છે. ત્યારે ખ્યાલ આવે છે કે સમૂહમાં મહિનામાં એક વાર ભરતી એક વાર ઓટ આવે છે જ્યારે મનુષ્યની વૃત્તિ તો વારંવાર મુડ બદલતી જ હોય છે. સત્તા અને સંપત્તિ સૃષ્ટિની આદિમાં પણ હતા પરંતુ અભિમાન નહોતું. જૂઠ, ચોરી, ઠગી છલકપટનો સંગ નહોતો એટલે જીવનશૈલી ખૂબ જ સારી હતી.

**નમ્રતા હતી** આજે નમ્રતાનાં બદલે શક્તિહીન (નરમતા) શિથિલતા આવી ગઈ છે. જ્યાં નમ્ર બનવું જોઈએ ત્યાં જોશ, જોર અને જુસ્સો આવે છે અને જ્યાં પોતાની ખામીઓ ઉપર જોશ કરવું જોઈએ એને મનથી કાઢવી જોઈએ ગુણગ્રાહી બનવું જોઈએ એના બદલે દોષદષ્ટિ અવગુણગ્રાહી બની ગુસ્સો કર્યા જ કરે છે. પરિણામ સ્વરૂપે અનેકાનેક બીમારીઓનો શિકાર બને છે. એટલી આધુનિકતા આવી ગઈ છે કે માનવને દેહ, દેહની દુનિયા દેહનાં સંબંધો સિવાય કશું દેખાતું જ નથી. પરંતુ નમ્રતા એવો ગુણ છે કે એને હર સમયે જીવન જીવવામાં આગળ વધવામાં મદદ કરે છે. ઉમંગ ઉત્સાહ કાયમ રાખે છે.

**સહનશીલતા સમભાવ અને સદભાવની** આપણા પૂર્વજોમાં કેટલી સહનશીલતા હતી અને અત્યારે? એક વાત યાદ આવે છે. એક વ્યક્તિએ રાજનેતા પાસે જઈને કહ્યું કે જુઓ તમને બધા ખૂબ જ ગાળો આપે છે. આ સાંભળી નેતાજી ખૂબ જ ગુસ્સામાં આવી ગયા અને કહ્યું કે પહેલા મને ચૂંટણીમાં જીતી લેવા દો. હું મંત્રી બની જાઉં પછી એને ઠીક કરી દઈશ. મતલબ અધૈર્યતા, અભિમાનવશ મનુષ્ય સમભાવ, સદભાવનું ચિંતન કરી જ શકતો નથી. એક સેકંડમાં ઉગ્રતા આવી જાય છે. સહનશીલ વ્યક્તિ હંમેશા, ક્ષમાશીલ વિશાળદિલની હોય છે. જેવી રીતે અમે જોયું કે પ્રજાપિતા બ્રહ્માબાબા અને માતેશ્વરી જગદંબામા એ કહેતા હતા કે તમને જે ગાળો આપે એને તમે ગળે લગાવો. અને જે ગ્લાનિ કરે એને ગુલાબનું ફુલ આપો. ઈશ્વરીય જ્ઞાનનું એ પ્રતીક છે કે જેવા સાથે તેવા ન બનતા તમારી

અંદર રહેતી સૂક્ષ્મ સદ્‌ભાવનાયુક્ત દ્રષ્ટિ, વૃત્તિથી ઈશ્વરીય શક્તિથી જીવનશૈલીને વ્યક્ત વાતાવરણમાં ન રાખતા અલૌકિક વાતાવરણનાં વાયબ્રેશનમાં લઈ જાવ. એક નાનકડો દીપક આખા ઘરમાં અજવાળું કરી શકે છે. અગરબત્તી દુર્ગંધને દૂર કરી શકે છે તો પરમાત્મા પિતા શિવ કહે છે કે તમે તો માનવઆત્મા છો. ગુણોના ભંડાર શક્તિઓના સાગર બની સર્વે પ્રત્યે સમભાવ સદ્‌ભાવ દ્વારા પૂજ્ય દેવસમાન બની જાવ.

**સ્વચિંતન-પ્રભુ ચિંતન :** આ બન્ને વાતો માનવજીવનની શૈલીને ભારતની આદિ સભ્યતા અને સંસ્કૃતિ તરફ લઈ જાય છે. આ સંસાર આજે અતિ અતિ ભૌતિકતા તરફ ઢળતો જાય છે. જેમાં અન્નદોષ, સંગદોષ, વ્યક્તિદોષ અનહદ છે. સાયન્સની પ્રગતિએ સાધનોથી વ્યક્તિને ભરપૂર કરી દીધા છે પરંતુ દિલોની દૂરીએ સ્વચિંતનને ભુલાવી દીધું છે. પ્રભુના ચિંતન માટે તો સમય જ નથી મળતો. આ મોટી ભૂલ થઈ રહી છે. માનવસમાજ સામે અગણિત સમસ્યાઓ ઉભરાય છે. એની શક્તિની અધિક તકલીફો છે પરંતુ જેવી રીતે એક બીજ ધીરે ધીરે વટવૃક્ષનું રૂપ લઈ લે છે તેવી જ રીતે હરમાનવ આત્મા જ્યારે સ્વયંનું ચિંતન કરે કે હું એક આત્મા છું. પરમાત્મા શિવપિતાનું સંતાન છું. મારે ઈશ્વરીય જ્ઞાનની શક્તિ દ્વારા શ્રેષ્ઠ કર્મોનાં જ બીજ વાવવા છે. કોઈનું ખરાબ કરવું નથી. મન, વચન કર્મથી કોઈની હિંસા કે હત્યા કરવી નથી. અહંમને વહેમ રાખવું નથી. સંયમ અને નિયમ વડે જીવનશૈલી સુધારવી છે તો આ જીવનરૂપી વૃક્ષનું દરેક પાંદડું, ફળ અને ફૂલ મહેંકી ઉઠશે અને સર્વેને ઉદાહરણનાં રૂપે શીખવાડશે કે ખરી જીવનશૈલી એ જ છે કે જ્યાં પવિત્રતા, સત્યતા અને નૈતિકતા છે. સર્વશ્રેષ્ઠ ભાવના છે.

---

**(પેજ ૧૬નું અનુસંધાન)**

શાંતિ ધામ કે નિવાસી હૈ ! જબ જબ ધર્મકી અતિ ગ્લાનિ હુઈ, ઉન્હોંને કલ્પ કલ્પ આકાર પુરાની કલિયુગી દુનિયાકા વિનાશ કર સતયુગી દૈવી દુનિયા કે નિર્માણ કા કલ્યાણકારી કર્તવ્ય કિયા. ઉસ દિવ્ય કર્તવ્ય કી યાદગાર સ્વરૂપ આપ મનુષ્ય આત્માએં મહાશિવરાત્રીકા પર્વ મનાતે હૈ. રાત્રી શબ્દ કલિયુગી અજ્ઞાન રૂપી અંધકાર કી રાત્રિકા સૂચક હૈ. યહી સમય પરમાત્મા કે અવતરણ કા ઔર યુગ પરિવર્તનકા હૈ. ઉસ મહાન કર્તવ્ય કી યાદગાર સ્વરૂપ આપકે પૂર્વજોને ભારત મેં સોમનાથ, અમરનાથ, કેદારનાથ, પશુપતિનાથ, મહાકાલેશ્વર - આદિ બારહ જ્યોતિર્લિંગ મંદિરોં કી સ્થાપના કી હૈ. ઉનકી પૂજામેં બિલી પત્ર ચઢાને કા રહસ્ય હૈ - ઉન્હેં તન-મન-ધન સહિત જીવન અર્પણ કરના. દૂધ ચઢાને કા અર્થ હૈ મન-બુદ્ધિ-દ્રષ્ટિ વૃત્તિ કો સ્વચ્છ બનાકર સમર્પણ કરના. જલાધારીસે પાની ટપકનેકા રહસ્ય હૈ - હરપલ ઉસકી યાદ મેં રહના. ઉંચાઈ પર યા ગુફા મેં શિવલિંગ કી સ્થાપના કા અર્થ હૈ - ઊંચી સ્થિતિ યા અંતર્મુખી હોકર ઉનકે સમીપ જાના.

(ગીત : જ્યોતિ જગાઓ.... અથવા ઝગમગ કરતી એક જ્યોતિ પર સમૂહ નૃત્ય)

**બ્રહ્માકુમારી :** અબ સમય કી પુકાર હૈ -

હે આત્માએ, ઊઠો, જાગો, જ્ઞાનકી જ્યોતિ જગાઓ. સમય કો પરખો, સ્વયંકો ઔર સ્વયં કે પિતા પરમાત્મા કે કર્તવ્ય કો જાનો ઔર અંતિમ જીવન કો સફલ કરો. અભી, ઈસી વક્ત, નહિ તો પશ્ચાત્તાપ કી ઘડિયાં આનેવાલી હૈ... ઓમ્ શાંતિ, ઓમ્ શાંતિ, ઓમ્ શાંતિ.

# યુવા વિભાગ - યુવા શોઝ શિવ!

## બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ.

હે યુવા.... પરમપિતા શિવ પરમાત્મા દરેક મનુષ્યાત્માને બેહદ પ્રેમ કરે છે. એમના હૃદયમાં દરેકના માટે ખૂબ જ ઊંડી ભાવના છે. તેઓ ઇચ્છે છે કે દરેક મનુષ્ય તેઓને ઓળખે, તેની સાથે સંબંધ કેળવે અને અનેક જન્મો માટે સુખ-શાન્તિનો વારસો મેળવી લે. પરમાત્મા શિવની અમી નજર આપણા ઉપર પડી એ આપણું સદ્ભાગ્ય છે. તેઓ હમેશા આપણને સમ્પૂર્ણ અને સંપન્ન સ્વરૂપમાં જ જોયા કરે છે. તેઓએ આપણામાં વિશેષ આશાઓ રાખી છે. ચાહના રાખી છે. આપણે જાણીએ છીએ અને ઈતિહાસ પણ સાક્ષી છે કે જયારે જયારે ક્રાન્તિની વાત આવી ત્યારે સૌની નજર યુવાઓ ઉપર પડી અને યુવાએ જ પહેલ પણ કરી. આજે પણ સમય પ્રમાણ સૌની નજર યુવાનો પર મીટ માંડીને બેઠી છે કે યુવા કઈ કમાલ કરશે. યુવાનો હમેશા ધમાલ કરી બેસે છે એવી મનમાં ઉદ્ભવેલી શંકા કે ભયની અસ્પષ્ટ ભેદરેખા ભૂસી ખાતરી આપવાનો સમય પાકી ગયો છે કે જયારે પણ ક્રાન્તિની મશાલ પ્રજ્વલિત કરવાની વેળા આવી ત્યારે યુવા જ આગળ રહ્યો છે. યુવાનોનો જોશ અને વૃદ્ધોનો હોશ જયારે એકસાથે સહયોગી રૂપે કાર્ય કરે છે, ત્યારે વૈચારિક ક્રાન્તિની મશાલ સદા પ્રજ્વલિત રહી અનેક આત્માઓને દિશા નિર્દેશ કરવા માટે સક્ષમ બને છે. ચારેબાજુ ચારિત્ર્યનું પતન થઈ રહ્યું છે, સંસ્કૃતિ પ્રાયઃ લોપ થવા પામી છે, યુવા દિશાહીન થઈ ભટકતો થયો છે, અનેક પ્રલોભન, અલ્પકાલીન પ્રાપ્તિનો શિકાર બની રહ્યો છે. પોતાની અંદર રહેલી શક્તિને વેડફી રહ્યો છે. આપણે તો પરમપિતા શિવ પિતાનાં આશાસ્પદ સંતાનો છીએ! આપણી ફરજ છે કે આધ્યાત્મિક વિચારની મશાલને સતત પ્રજ્વલિત રાખી આપણા સાથી, મિત્ર, સહિયરોને દિશા નિર્દેશ કરી આત્મબળ, ચારિત્રિક બળ, અને શ્રેષ્ઠ સંકલ્પ શક્તિના બળ થકી તેઓને સશક્ત બનાવીએ.

હે યુવા, વર્તમાન સમય છે યુવા શોઝ શિવની ભૂમિકા અદા કરવાનો. એ પાત્રને ભજવવાનો. જેમ પરમપિતા શિવ પરમાત્માએ આપણને હમેશા સંપન્ન-સંપૂર્ણ સ્વરૂપમાં જ જોયા છે, તેમ એ સ્વરૂપને પ્રત્યક્ષ પ્રમાણ આપવાનો સમય હવે છે. હમેશા સ્વયં માટે શુભચિંતન અને અન્ય માટે શુભ ચિન્તક બની પરમાત્માની આશાઓને પૂર્ણ કરવાનો આ સમય છે. જેમ રૉયલ ઘરાનાની કોઈ વ્યક્તિ ક્યારે પણ નીચે પડેલી વસ્તુને અડકશે નહીં. તેઓ ક્યારેક પથ્થર કે માટીના રમકડા સાથે રમતા નથી. એજ રીતે આપણે તો ઊંચામાં ઊંચા હસ્તીના બાળકો છીએ. આપણે સદા એટેન્શન રાખીએ કે અશુદ્ધ તેમજ વ્યર્થ સંકલ્પ રૂપી પથ્થરના રમકડા સાથે ન રમીએ.

### ઘૃણા દષ્ટિ-ઘૃણા ભાવ નહીં પણ શુભ ભાવ-શુભ ભાવના :

આપણું કુળ તો ઈશ્વરીય કુળ છે, બ્રાહ્મણ કુળ છે. વળી આદિ કુળ પણ દૈવી કુળ છે. સમગ્ર કલ્પમાં બન્ને રીતે આપણે તો શ્રેષ્ઠ કુળના જ છીએ. આજ સુધી બન્નેના ગાયન-પૂજન થાય છે. શિવ ભગવાનુવાચ આ શ્રેષ્ઠ કુળની સ્મૃતિ હશે તો શ્રેષ્ઠ ચિન્તન, શુભ ચિન્તન સહજ અનુભવ કરી શકશો. વળી આપણા દિવસની શરૂઆત પણ અમૃત વેળાથી થાય છે. દિવસના આદિ સમયે સ્વયં પરમ કૃપાળુ ભાગ્ય વિધાતા, વરદાતા બાપ આત્મ સ્મૃતિનું તિલક લગાવે છે, સમાન ભવનું વરદાન આપે છે. એનાથી ઉત્તમ વેળા કઈ હોઈ શકે ?

સમાન ભવના વરદાનમાં તો બધા જ વરદાન સમાઈ ગયા છે. ભક્તો, સાધુ-સંતો, મહાત્માઓ ચાર-ચાર દિવસ લાઈનમાં ઉભા રહી જેના એક ક્ષણના દર્શન માટે તરસે છે, હઠયોગી બની શરીરને કેટલું કષ્ટ આપે છે, જીદ કરે છે, તપ કરે છે. તે સ્વયં પરમાત્મા આપણી મુલાકાત કરવા માટે રોજ અમૃત વેળાએ આપની પાસે આવે છે. સ્નેહમયી દ્રષ્ટિ આપી, આપણને જગાડે છે. પ્રેમાળ હાથ આપના માથા ઉપર ફેરવે છે. શક્તિઓથી ભરપૂર કરે છે. ગુણોથી શણગારે છે. શા માટે? તેઓ ઈચ્છે છે કે કોઈ પણ મનુષ્યાત્મા જેઓ આપણા સમ્બન્ધ-સમ્પર્કમાં આવે છે, ભલે ને તે સતોગુણી હોય કે પછી તમોગુણી હોય, દરેક મનુષ્યાત્માઓ પ્રત્યે શુભ-ચિન્તક બનીએ. અપકારી ઉપર પણ ઊપકારી બની તેઓનું કલ્યાણ કરવા નિમિત્ત બનીએ. કોઈના પ્રત્યે ઘૃણા દ્રષ્ટિ કે ઘૃણા ભાવના રાખવાને બદલે શુભ-ભાવ અને શુભ-ભાવના રાખીએ. આવું કેમ? આવું શા માટે? આવું ક્યાં સુધી? એવા પ્રશ્નાર્થથી પર જઈ એક જ સંકલ્પ સદા ઈમર્જ રાખવા સદા એટેન્શનમાં રહીએ કે એમનું કલ્યાણ કેમ થશે? એ જ શ્રેષ્ઠ સ્થિતિ સુધી આપણે પહોંચવું છે.

### અભિમાન-અપમાન નહીં પણ નિર્માણ

હે યુવા... સમગ્ર કલ્પમાં સર્વશ્રેષ્ઠ ભાગ્ય આ એક જ સમયે પ્રાપ્ત કરી શકાય છે. આ એક જ એવો સમય છે કે જ્યાં ભાગ્યશાળી સ્થિતિનો અનુભવ કરી શકાય છે. સ્વયં ભગવાન, ભાગ્ય વિધાતા બાપ આપણા ભાગ્યનું સ્મરણ કરે છે. ભવિષ્ય સતયુગ-ત્રેતાયુગમાં પણ એવું ભાગ્ય પ્રાપ્ત થવાનું નથી. જેમ ભગવાનની દ્રષ્ટિમાં આપણે શ્રેષ્ઠ ભાગ્યશાળી છીએ તેમ આપણે પણ પોતાની જાતે અનુભવ કરીએ એ છે શ્રેષ્ઠ સ્વમાનની સ્થિતિ, જે આપણને વિઘ્ન-વિનાશક સ્થિતિનો અનુભવ કરાવશે. કોઈપણ પ્રકારના અપમાન કે અભિમાન જેમ કે દેહનું અભિમાન, બુદ્ધિનું અભિમાન, નામનું અભિમાન, સેવાનું અભિમાન, ગુણ-વિશિષ્ટતાનું અભિમાન વગેરેને ખતમ કરી નાખશે. અભિમાન-અપમાનની ફિલિંગને બદલે નિર્માણતાનો અનુભવ થવા લાગશે.

### સ્વમાનમાં રહો - સન્માન આપો

હે યુવા, શ્રેષ્ઠ સ્થિતિને પ્રાપ્ત કરવી એ જ ભગવાનને પ્રત્યક્ષ કરવા છે અને એનું પ્રત્યક્ષ પ્રમાણ આપણા જીવન થકી જ બધાને થવાનું છે. સ્વમાનમાં રહેવાવાળી વ્યક્તિ બીજા પાસે માન મેળવવાની ઈચ્છા કે અપેક્ષા કે ઝંખના રાખતી નથી. તેઓ તો સામેથી બીજાને સન્માન આપે છે. બીજાનો આદર કરે છે. પોતે ઉમંગ-ઉત્સાહમાં રહી બીજાને પણ ઉમંગ-ઉત્સાહમાં લાવે છે. તેથી તેઓને બીજા પાસેથી માનની પ્રાપ્તિ તો આપમેળે થયા જ કરે છે. એ છે પ્રત્યક્ષ પ્રમાણ ! તો આપણે અલ્પ કાલીન માનને ત્યજી, સ્વમાનમાં સ્થિત રહી દરેકને સન્માન આપીએ. શિવ ભગવાનુવાચ- સમગ્ર કલ્પ માટે સદાકાલીન માનનીય-પૂજનીય પદના સૌભાગ્યને પ્રાપ્ત કરવાનો આધાર કોઈ છે તો તે છે - સ્વમાનમાં રહો અને સન્માન આપો ! આ વાતને આપણે કદાપિ ન ભૂલીએ. ત્યારે કહેવાશે - યુવા શૉઝ શિવ!

### ચિંતનિકા

ભલે પ્રકૃતિ દ્વારા, ભલે લૌકિક સંબંધ દ્વારા, ભલે દૈવી પરિવાર દ્વારા કોઈપણ પરીક્ષા આવે યા કોઈ પણ પરિસ્થિતિ આવે એમાં અચલ-અડોલ રહેવા માટે હિંમતવાન બનો. પરીક્ષાઓ તો ઘણી આવવાની છે. પેપર તો આવવાના જ છે. જેમ જેમ અંતિમ ફાઈનલ રીઝલ્ટનો સમય સમીપ આવી રહ્યો છે તેમ સમયે સમયે પ્રેક્ટિકલ પેપર આવશે. એમાં પાસ થવા માટે હિંમતવાન બનો. કદી હતાશ-નિરાશ થશો નહીં.

# સાધુ સંતો ભગવાનના બાળકો છે, નહિ કે ભગવાન...

બ્ર.કુ. પ્રા. હેમંતકુમાર પંડ્યા, દહેગામ

દુનિયાના સર્વ મનુષ્યોના પરમપિતા એક છે. આ રીતે મનુષ્ય-મનુષ્ય વચ્ચેનો સંબંધ ભાઈ-ભાઈનો છે. જ્ઞાની-અજ્ઞાની, સંસારી-સંન્યાસી, જન્મ-મરણના ચક્રમાં રહેલ દરેક મનુષ્ય આત્માએ સતો, રજો, તમો અવસ્થામાંથી પસાર થવું પડે છે. કોઈ પણ મનુષ્ય આત્મા તેની સતોપ્રધાન અવસ્થામાં હોય તેનાથી તેને ભગવાન, ગુરુ સમજી લઈ તેની પૂજા કરવાથી કોઈપણ પ્રકારની ઉન્નતિ થઈ શકતી નથી કે નથી જીવનમાં સુખ-શાંતિનો અનુભવ થતો. દેહધારી સતોપ્રધાન આત્માને ગુરુ સમજવાથી ક્યારેય આધ્યાત્મિક ઉન્નતિ થઈ શકે જ નહીં.

આધ્યાત્મિક ઉન્નતિ એટલે કે, વર્તમાનમાં અને ભવિષ્યના જન્મો સુખ-શાંતિથી વિતાવવા હોય તો સૌ પ્રથમ હું કોણ છું? દુનિયાના સર્વ મનુષ્ય આત્માઓના પરમપિતા કોણ છે ? વર્તમાનમાં કયા પ્રકારનો સમય ચાલી રહ્યો છે ? આ પ્રકારના ગહન જ્ઞાનની જાણકારી મેળવી રોજેરોજ અભ્યાસ કરવાની જરૂર છે.

વર્તમાન મનુષ્ય ચિંતાગ્રસ્ત બની રહ્યો છે. શાંતિ મેળવવા માટે તે દર-દર ભટકી રહ્યો છે. તેની હાલત કફોડી છે. ભગવાન કે મુક્તિ-જીવન મુક્તિની વાતોને ન માનનાર વ્યસનોમાં ગળાડૂબ થઈ દુનિયાનાં દુઃખ દર્દમાં વધુને વધુ ફસાતો રહે છે. સામે પક્ષે ભગવાન, મુક્તિ-જીવન મુક્તિમાં માનનાર વ્યક્તિ દેહધારી સંન્યાસીને ગુરુ, ભગવાન માનીને ધર્મ સાધનામાં લીન થઈ જાય છે, અંતે તે પણ વધુને વધુ દુઃખ દર્દમાં ફસાઈ જાય છે. જે દેહધારી ભણાવે છે. કરુણતા એ છે કે તે જ ભગવાન સિવાયની વાતોમાં રસ દાખવતા થઈ જાય છે. જે શિષ્યોને 'નષ્ટોમોહા' બનવાનું, 'સ્થિતપ્રજ્ઞ' બનવાનું આધ્યાત્મિક શિક્ષણ આપે છે તે ભૌતિકતામાં ગળાડૂબ રહે છે. ખરે, કહેવાયું છે, ખુદા કે ઘર દેર હૈ અંધેર નહીં. કુકર્મનું ફળ સામે આવે છે ત્યારે અઢળક ધન સંપત્તિ, કરોડો, શિષ્યોનો સાથ હોય તો પણ બચી શકાતું નથી.

હે દુનિયાના અને ખાસ ભારતના મનુષ્યો, પોતાને જાણો, પરમપિતા પરમાત્માને જાણો અને વર્તમાન સમયને ઓળખી લો. દુનિયાના કોઈપણ દેહધારી મનુષ્યને ગુરુ કે ભગવાન માની બેઠા હો તો પસ્તાવા સિવાય કોઈ જ ફાયદો નહીં થાય.

દુનિયામાં એક સંસ્થા એવી છે કે, જ્યાં કોઈ વ્યક્તિને ગુરુ કે ભગવાન માનવામાં આવતી નથી. સંસ્થાના ૯૫ વર્ષની ઉંમરના ઇન્ચાર્જથી માંડીને નવા આવનાર વ્યક્તિને 'વિદ્યાર્થી' (પુરુષાર્થી) સમજવામાં આવે છે. દરેકે રાજયોગ અને જ્ઞાનના અભ્યાસ દ્વારા કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા-દ્વેષ વેરઝેર, બદલાની ભાવના, આળસ જેવી દુષ્વૃત્તિઓ ઉપર અંકુશ મેળવવાનો હોય છે. અહીં મુખ્ય જ્ઞાન અપાય છે કે, ''પોતાને દેહ નહીં, આત્મા સમજો'' આત્મા સમજીને નિરાકાર જ્યોતિ સ્વરૂપ પરમાત્માને યાદ કરો. જીવનમાં સુખ, શાંતિ, આનંદ, પ્રેમ, પવિત્રતા, જ્ઞાન, શક્તિ મેળવવાનો આ એક અને માત્ર એક જ રસ્તો છે. પોતાના કે અન્યના દેહને યાદ કરશો કે દેહધારીમાં લગાવ, નફરત-ઘૃણા હશે તો દુઃખ-દર્દથી મુક્ત થવાશે નહીં.

''આત્મા-આત્મા, ભાઈ-ભાઈ'' અને દરેક મનુષ્ય આત્મા પરમાત્માનું સંતાન છે. દરેકે મનુષ્યએ (સાધુ-સંતો પણ ખરા) પતિતમાંથી પાવન બનવા એક પરમાત્માને જ યાદ કરવાના છે, કારણ કે, જન્મ-મૃત્યુથી

પર એવા એકમાત્ર પરમાત્મા જ સંપૂર્ણ પાવન કે પવિત્રતાના સાગર છે. તેઓ જ મનુષ્યને મુક્તિ કે જીવન મૃક્તિ આપી શકે છે. કોઈ મનુષ્યમાં ગમે તેટલું ધાર્મિક કે આધ્યાત્મિક જ્ઞાન આવી જાય તેનાથી તેને ભગવાન કે પરમાત્માની ડિગ્રી મળી શકતી નથી. ઉપરથી પોતાની જાતને ભગવાન કહેવડાવવાથી પાપ કર્મો જ ભેગા કરે છે. કારણ કે, જે નિરાકાર જ્યોતિ સ્વરૂપ પરમાત્મા છે તેમનાથી દૂર લઈ જવાનું પાપ કર્મ કરે છે.

હે દુનિયાના અને ખાસ ભારતના સાધુ-સંતો, પોતાને ભગવાન કે ગુરુ સમજી કરોડો મનુષ્યાત્માઓની શ્રદ્ધાનો દુરુપયોગ કરી તેમને પરમાત્મા કે ભગવાનથી દૂર લઈ જવાનું પાપકર્મ ન કરો, નહીં તો લાખો કરોડોનું ધાર્મિક સામ્રાજ્ય કડડભૂસ કરીને તૂટી પડતાં વાર નહીં થાય.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, જેનું આંતરરાષ્ટ્રીય મુખ્યાલય માઉન્ટ આબુ છે અને સમસ્ત વિશ્વમાં રાજયોગ અને ઈશ્વરીય જ્ઞાન અપાય છે તે જાણીને, સમજીને, જીવનમાં ઉતારવાથી 'સા વિદ્યા યા વિમુક્તયે' એટલે કે, દુઃખ, અશાંતિ, ચિંતા, અવગુણો, વ્યસનોથી મુક્તિનો અનુભવ થાય છે.

---

(પેજ ૩૩નું અનુસંધાન)

કિલ્લો જીતવા માટે મોકલ્યા. શિવાજીએ એક મરાઠા સરદારના નેતૃત્વમાં આ ગોરીલા સેનાએ કલ્યાણનો કિલ્લો પાછો મેળવી લીધો. ત્યાં હાજર રહેલા મોગલો ભાગી ગયા. પણ કુરાનશરીફનો પાઠ કરી રહેલી શાહી પરિવારની એક સુંદર છોકરી બેઠી રહી. તે પાઠ પૂરો કરીને ઉઠી. ત્યાં સુધી મરાઠાઓ કિલ્લાની અંદર આવી ચૂક્યા હતા. મરાઠા સરદારે વિચાર્યું કે હું આ સુંદરી શિવાજીને ભેટ આપીશ તો તેઓ વધારે પ્રસન્ન થશે અને મારા ઉપર પહેલા કરતાં વધારે એમની કૃપાદષ્ટિ રહેશે. તેથી તે છોકરીને લઈને શિવાજીના મથકે પહોંચ્યા. પહેલાં શિવાજીને કલ્યાણ વિજયના શુભ સમાચાર સંભળાવ્યા. શિવાજીએ પ્રસન્ન થઈને એનો હોદ્દો ઊંચો બનાવવાનો આદેશ આપ્યો. સરદારે વિનમ્રતાથી કહ્યું હું આપના માટે એક ખાસ વિજયની ભેટ લાવ્યો છું. જેને જોઈને આપ વધારે પ્રસન્ન થશો. શિવાજીએ ઉત્સુક્તા વ્યક્ત કરતાં એ છોકરીને લઈને આવ્યો. એ પરમ સુંદરીને જોઈને શિવાજીએ તત્કાળ પોતાની નજરો ઝુકાવી દીધી. અને હાથ જોડીને બોલ્યા મારી માતા આટલી સુંદર હોતી તો હું કેટલો સુંદર હોત. પછી એમણે સરદારને ધમકાવ્યો અને કહ્યું પોતાની મા-બહેનોની જેમ બીજાઓની મા-બહેનોનું સન્માન કરતાં શીખો. બીજાઓના ધર્મ, ધાર્મિક સ્થળ, ધર્મગ્રંથ અને વહુ બેટીઓનું અપમાન કરીને કોઈ મહાન બની શક્તું નથી. એને સન્માન સહિત મોગલ શિબિરમાં મોકલી આપો.

## ચિંતનિકા

બાપદાદા (નિરાકાર પરમપિતા શિવ પરમાત્મા અને અવ્યક્ત પ્રજાપિતા બ્રહ્મા)એ પણ બાળકોને સ્મૃતિ અપાવીને પરિવર્તન કર્યું છે. પહેલી સ્મૃતિ અપાવી છે કે આપ આત્મા છો, શરીર નહીં. આ સ્મૃતિથી સર્વકાંઈ બદલાઈ ગયું. આ પરિવર્તન થવાથી આત્મા માસ્ટર સર્વશક્તિવાન હોવાથી સ્મૃતિ આવતાં જ સમર્થ બની ગયો.

# આહારનો મન પર પડતો પ્રભાવ

બ્ર.કુ. રાધિકાબેન, વાસદ

આહારનો માનવીના વિચાર અને આચાર સાથે બહુ ઉંડો સંબંધ છે. અનુભવના આધારે કહેવાય છે કે જેવું અન્ન તેવું મન અથવા જેવું પાણી તેવી વાણી. અર્થાત્ જે લોકો સુખ શાંતિ અથવા પ્રભુની લગનમાં મગ્ન થવા ઇચ્છે છે. તેમણે પોતાના આહાર પર પણ જરૂર ધ્યાન આપવું જોઈએ. કારણ કે તમોગુણી આહારથી વિચારો પણ થોડા વધતા અંશે તમોગુણી બને છે. અને આચરણ પણ. એના ફળસ્વરૂપે મનુષ્યને દુઃખ અશાંતિ ભોગવવી પડે છે. જેવું જે સેવન કરે છે. તેવો મનુષ્યને નશો ચઢે છે. તેની અક્કલ પણ કોઈ વખત બહેર મારી જાય છે.

જેવી રીતે દારૂની મન પર અસર થાય છે. અથવા અન્ય માદક પદાર્થોની અસરથી ક્રોધ અથવા નશાની હાલત થાય છે. તેવાં ઘણાં અન્ય ખાદ્ય પદાર્થો અથવા પીણાં છે. જે લેવાથી મન ઉત્તેજીત થાય છે. વિકાર ઉત્પન્ન થાય છે. જેથી માણસને સુધ-બુધ રહેતી નથી. તમોગુણી આહાર લેવાથી મનુષ્યના વિચારો અને તેની મન ઉપર અસર થાય છે.

પરમાત્માની કાયમ સ્મૃતિમાં સ્થિત રહેવા તથા મનને સુરક્ષિત રાખવા માટે અનુકૂળ આહાર પર ધ્યાન આપવું જરૂરી છે. એક વાત યાદ આવે છે.

એક સન્યાસી ગૃહસ્થજનો પાસેથી ભિક્ષા માંગી પોતાનું પેટ ભરતો હતો. એક દિવસ જ્યારે ભિક્ષામાં મળેલ અન્નનું સેવન કરી રાત્રે ઉંઘ્યો તો તેને ખરાબ અપશબ્દ નીકળવા લાગ્યા. બાજુમાં જ થોડા શિષ્યો સૂતા હતા. તેઓ ઘણા લાંબા સમયથી સંન્યાસી પાસેથી શિક્ષા મેળવી રહ્યા હતા. આજે જ્યારે તેમણે સંન્યાસીના મુખેથી આવી ગાળ અપશબ્દો સાંભળ્યા તો તેમને ઘણું આશ્ચર્ય થયું. તેમના મનમાં શંકાનો કીડો સળવળ્યો કે આ સંન્યાસી અવસ્થામાં ઉંચા છે કે પાખંડી છે. આખરે જ્યારે સંન્યાસી જાગ્યા તો તેમાંથી એક શિષ્યથી રહેવાયું નહીં અને તેણે પૃચ્છા કરી, મહારાજ આજે આપ કયું સ્વપન જોઈ રહ્યા હતા. આજે આપ કોને ગાળો આપી રહ્યા હતા ? અમારા મનમાં આ પ્રશ્ન ભરાયો હતો કારણ કે જ્યારે આપ નિંદ્રાધીન હતા ત્યારે અમે આપના મુખેથી કોઈના પ્રતિ ઉચ્ચારિત અપશબ્દો સાંભળ્યા છે. આથી આપ શંકાનું નિરાકરણ કરો.

સંન્યાસી સૌ પ્રથમ તો શિષ્યોની વાત સાંભળી દંગ થઈ ગયા. પરંતુ થોડો વિચાર કર્યા પછી તેમને યાદ આવ્યું કે આજે રાત્રે તેમને અશુદ્ધ સ્વપન આવ્યા હતા. અને કદાચ તેઓ કોઈની સાથે ઝઘડી રહ્યા હતા. આ વાત જાણીને તેઓ મનોમન કોઈ વિચાર કરવા લાગ્યા કે આમ શા માટે બન્યું? આખરે તેમને યાદ આવ્યું કે ગઈકાલે સાંજે તેમણે જે ગૃહસ્થ પાસેથી ભિક્ષા મેળવી હતી ત્યાં ક્રોધ અને ઝઘડા થતા હતા અને તેઓ અંદરોઅંદર ગાળા-ગાળી કરી રહ્યા હતા. આથી તેઓ એ પરિણામે પહોંચ્યા કે આ અશુદ્ધ અન્નગ્રહણ કરવાને કારણે જ તેમનું મન અશુદ્ધ થયું હતું.

### આહારની શુદ્ધિ ચારિત્રોત્થાનમાં સહાયક

જે મનુષ્ય જ્ઞાન ધારણ કરી મહાન બનવા ઈચ્છે છે. અથવા યોગાભ્યાસ કરવા માંગે છે. અર્થાત્ મનને પ્રભુની સ્મૃતિમાં લીન કરી અમૃત અને આનંદનું રસાસ્વાદન કરવા ઈચ્છે છે. તામસિક તથા, અશુદ્ધ આહારનો ત્યાગ કરવો જોઈએ. કારણ કે અન્નનો મન પર ઘણો પ્રભાવ પડે છે.

ઘણા લોકો ઈશ્વરીય જ્ઞાનનું શ્રવણ કરે છે. અને

કહે છે કે અમારા જીવનમાં કોઈ વિશેષ પરિવર્તન નથી આવ્યું. અમારી સ્થિતિ શીતળ સકારાત્મક નથી બનતી.

જોવામાં આવ્યું છે કે આવી દશાનું મુખ્ય કારણ છે કે તેઓ આહારની પવિત્રતા અથવા સાત્ત્વિકતા પર પૂરું ધ્યાન આપતાં નથી. જીવનને અલૌકિક સારું બનાવવા ઇચ્છે છે. મનની શાંતિની કામના કરે છે પણ તેને મનની શાંતિ મળી શકતી નથી.

શારીરિક અસ્વસ્થતા કે બીમારી માટે જે રીતે આહાર સંબંધી થોડી સાવધાની વર્તવી આવશ્યક છે તે રીતે આ વિકારોથી રોગગ્રસ્ત પીડિત મનુષ્યાત્માઓએ પણ યુક્તિયુક્ત આહારનું સેવન કરવું જોઈએ. જ્યાં સુધી આત્મા નિરોગી નહીં બને. ત્યાં સુધી શરીર સુધ્ધાં પૂર્ણતઃ નિરોગી નહીં બને અને જ્ઞાનયોગનો લાભ નહીં થાય.

તમે વિચાર કરો કે જો કોઈ મનુષ્ય એક તરફ કપડાં ધોઈ રહ્યો હોય અને બીજા તરફ ધૂળ-માટી ઉડી-ઉડીને તેની ઉપર બેસતી રહે તો તેના પુરુષાર્થનું પરિણામ શું આવે? જેવી રીતે કોઈ બીમારી થઈ હોય અને ડૉક્ટર દવા આપે ને દવા પણ ખાઈએ અને બીજી બાજુ ડૉક્ટરે અમુક વસ્તુઓના સેવનની મનાઈ કરી હોય તેનું સેવન ચાલુ રાખીએ તો કેવા હાલ થશે?


આહારની શૃદ્ધિના નિયમનું પાલન કરવું અતિ આવશ્યક છે. ઈશ્વરીય નિયમોમાં રહેવાથી જ યોગીનો બચાવ થઈ શકે છે.

ત્રણ પ્રકારના આહાર છે. (૧) તમોગુણી (૨) રજોગુણી (૩) સતોગુણી

**(૧) તમોગુણી આહાર :** એટલે માદક, વાસી, બહુ ચટપટા, પચવામાં ભારે સડેલા, નિદ્રા, આળસ પેદા કરનાર પદાર્થને તમોગુણી માનવામાં આવે છે. માછલી, લસણ, ડુંગળી, દારૂ, બીડી વગેરે તમોપ્રધાન ખોરાક છે.

**(૨) રજોગુણી :** સ્વાદને પ્રધાનતા આપી ઇન્દ્રિયોને વશ થઈ ઉપયોગમાં લેવાતા જીવનમાં ભોગ વિલાસ ભાવના પેદા કરનાર અને ભારે પદાર્થ રજોગુણી શ્રેણીમાં આવે છે.

**(૩) સતોગુણી :** ફળ, શાકભાજી યુક્તિયુક્ત રીતે પકવેલા અન્ન સેવનથી નિંદ્રા અને આળસ આવે નહીં મન ઉત્તેજિત ન થાય ઇન્દ્રિય સચેત રહે એવો આહાર સતોગુણી માનવામાં આવે છે. તેનાથી મનની શાંતિ પ્રાપ્ત થાય છે. તેનાથી શક્તિ અને આનંદ પ્રાપ્ત થઈ શકે છે.



ભોજન બનાવતી સમયે હંમેશા એ ખ્યાલ રાખવો જોઈએ કે રસોડું સાફ હોય ભોજનના વાસણો સ્વચ્છ હોય વસ્ત્ર સાફ હોય. પદાર્થો ઢાંકેલા હોવા જોઈએ. માખી-મચ્છર પણ ન બેસે એ બહારની સ્વચ્છતા જરૂરી છે. શારીરિક સ્વચ્છતા સિવાય માનસિક સ્વચ્છતા પવિત્રતાની આવશ્યકતા છે. એટલે કે ભોજન બનાવનાર વ્યક્તિના મનની અંદર સારા વિચારો સંકલ્પો હોવા જોઈએ.

આ આહારની શુદ્ધતાથી આપણું મન સકારાત્મક બનશે અને મનને શાંતિ પ્રાપ્ત થશે.

# પ્રસંગ પરિમલ

## અપરાધ વિના સજા નહીં

એક શાળાના કેટલાક વિદ્યાર્થીઓ પરસ્પર હસીમજાક કરી રહ્યા હતા. ભોજન કરવા માટેનો વિરામ હતો. ત્યારે એ વિદ્યાર્થીઓમાંથી એક મગફળીઓ ખરીદી લાવ્યો. મેજ ઉપર મગફળીઓ રાખીને એની આસપાસ બેસી ગયા અને ખાવા લાગ્યા. ઘણી બેદરકારીથી એ લોકોએ એનાં છોતરાં વર્ગના ભોંયતળિયે ફેંક્યાં. જ્યારે રિસેસ પૂરી થઈ તો સૌ પોતપોતાની જગાએ બેસી ગયાં. શિક્ષક જેવા અંદર આવ્યા કે એમણે મગફળીનાં છોતરાં અહીં તહીં વિખરાયેલાં જોયાં. એમણે નારાજ થઈને કહ્યું કે આ કોણે કર્યું ? મારવાના ભયથી કોઈ પણ વિદ્યાર્થીએ પોતાની ભૂલનો સ્વીકાર કર્યો નહીં. એથી શિક્ષકને વધારે ગુસ્સો આવ્યો. એમણે સર્વ વિદ્યાર્થીઓને હાથ આગળ ધરવા કહ્યું. સર્વ વિદ્યાર્થીઓએ એનું પાલન કર્યું. તેઓ હાથ ખુલ્લા રાખીને બે બે સોટી મારવા લાગ્યા. પણ એક વિદ્યાર્થીએ પોતાનો હાથ આગળ ધર્યો નહીં. પોતાના હાથ બગલમાંથી દબાવીને કહ્યું કે મેં છોતરાં ફેંક્યા નથી. એટલે માર ખાઈશ નહીં. ત્યારે શિક્ષકે એને આ કરનાર વિદ્યાર્થીઓનાં નામ પૂછ્યાં તો તેણે કહ્યું કે હું કોઈની ચાડી ખાઈશ નહીં, અને સોટી ખાઈશ નહીં. વિદ્યાર્થીની આ હઠને કારણે એને શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યો. તે તેમણે સ્વીકાર્યું. પરંતુ અપરાધ કર્યો નહોતો તેથી સજા ભોગવી નહીં. ન્યાય માટે કષ્ટ સહન કરનાર આ વિદ્યાર્થીનું નામ હતું બાલ ગંગાધર તિલક. મોટે ભાગે ન્યાયનો માર્ગ કપરો હોય છે પરંતુ એના લક્ષ્યની પ્રાપ્તિથી અલૌકિક શાંતિ અને પ્રતિષ્ઠા મળે છે.

## સદ્દગુણ

એક બાર વર્ષનો છોકરો હતો. તે રસ્તા ઉપર દડો ઉછાળી રહ્યો હતો. દડો દુકાનદારના કાચને વાગ્યો તેથી તે તૂટી ગયો. નાસી જવાનો સમય હતો પણ તે છોકરો ભાગ્યો નહીં. જ્યારે કાચ તોડનારની તપાસ થઈ તો તેણે પોતાની ભૂલ સ્વીકારી. કાચનું મૂલ્ય ચૂકવવાનો સમય આવ્યો તો તેણે ચાર દિવસ સુધી દુકાનમાં મજૂરી કરવાનું સ્વીકાર્યું. છોકરાએ ચાર દિવસ સુધી એટલી નિષ્ઠાથી મહેનત કરી કે દુકાન માલિક પ્રસન્ન થઈ ગયો. એને પોતાના ત્યાં કાયમી નોકરી તરીકે રાખી લીધો. છોકરો ભણતો રહ્યો, નોકરી કરતો રહ્યો. પોતાના પોતાના સદ્દગુણોથી માલિકનું મન એણે એટલું જીતી લીધું કે એ દુકાનનો ભાગીદાર બની ગયો અને થોડા જ સમયમાં એની ગણના ધનવાન વ્યક્તિઓમાં થવા લાગી. એનું શ્રેય તે હમેશાં પોતાની માતાને આપતો રહ્યો. એની માએ એને શીખવાડ્યું હતું કે, ‘‘હમેશાં અંતઃકરણના અવાજ પર, વિવેકના પોકાર ઉપર કામ કરવું અને નીતિની કમાણી ખાવી.’’

## સાચી માનવતા

જે સર્વધર્મ સમભાવ અને સર્વમાનવ કલ્યાણના શ્રેષ્ઠ વિચારોને માને છે તે મહાન બને છે. છત્રપતિ શિવાજી વીર હોવા છતાં અત્યંત ધાર્મિક અને ચરિત્રવાન પણ હતા.

તેઓ સર્વ ધર્મોનું તથા માતૃશક્તિનું હૃદયથી સન્માન કરતા હતા. એકવાર મોગલ સમ્રાટ ઔરંગઝેબે એમની વિરુદ્ધ જોરદાર યુદ્ધ અભિયાન ચલાવ્યું. અને એમના અનેક કિલ્લાઓ પર કબજો જમાવીને ત્યાં મોગલ કિલ્લેદાર નીમવામાં આવ્યો હતો. એવો જ એક કિલ્લો હતો કલ્યાણ. જ્યાં ઔરંગઝેબના મામા શાયસ્તાખાન કિલ્લેદારના રૂપે નિયુક્ત કરવામાં આવ્યા હતા. શિવાજીએ આ કિલ્લો ફરીથી પાછો મેળવવા માટે પોતાની ગોરીલા સેનાને તાલીમ આપી અને પૂરી તૈયારી કરીને

**(અનુસંધાન પેજ નં. ૩૦ પર)**

# મહાશિવરાત્રીનું મહાત્મ્ય

શિવરાત્રીનું મંગલ પર્વ ભારતના લાખો મંદિરોમાં ભક્તિભાવથી મનાવાય છે. શિવના ભક્તો આ પર્વ પર ઉપવાસ, જાગરણ, પૂજા અને આરાધના કરી શિવની ઉપાસના કરે છે. પરંતુ કોઈને જાણ નથી કે શિવ કોણ છે? શિવનો રાત્રિ સાથે શું સંબંધ છે? શિવરાત્રીના પર્વનું રહસ્ય શું છે?

પરમપિતા શિવ પરમાત્મા નિરાકાર અને જ્યોર્તિબિંદુ સ્વરુપ છે. સાકારમાં દર્શન અને પૂજા માટે શિવલિંગની પ્રતિમા બનાવેલ છે. શિવ પરમાત્મા રૂપમાં બિંદુ પણ ગુણોમાં સિંધુ છે. શિવનો અર્થ થાય છે કલ્યાણકારી. પરમાત્મા સર્વ માનવ આત્માઓના પરમ કલ્યાણકારી છે. તેઓ સુખ કર્તા અને દુઃખ કર્તા છે. શિવના મંદિરો પરમાત્માના મહાન કર્તવ્યના સૂચક છે. જેમ કે અમરનાથ, સોમનાથ, પાપકટેશ્વર, મુક્તેશ્વર, મહાકાલેશ્વર, ત્રિભુવનેશ્વર, ભોલાનાથ વગેરે.

શિવને ત્રિમૂર્તિ શિવ કહે છે. જેની યાદગાર રુપે શિવલિંગ પર ત્રિપુંડ કરવામાં આવે છે. બ્રહ્મા, વિષ્ણુ અને શંકરના રચયિતા હોવાથી તેમને ત્રિમૂર્તિ કહે છે. શિવરાત્રી નિમિત્તે ભક્તો દ્વારા કરાતાં ઉપવાસનું આધ્યાત્મિક રહસ્ય એ છે કે, પરમાત્મા જેઓ ઉપર વાસ કરે છે અર્થાત્ પરમધામમાં રહે છે, ત્યાં મન-બુધ્ધિને લગાવી તેમને યાદ કરવા. ભક્તો જાગરણ કરે છે, વાસ્તવમાં અજ્ઞાન નિદ્રામાંથી આત્માને આપણે જાગ્રત કરીએ એ જ સાચું જાગરણ છે.

શિવ પર ધતૂરા, કરણ, બિલી જેવા પુષ્પો ચઢે છે, જે સુગંધ રહિત અને નકામા હોય છે. એટલે કે બુરાઈઓ, વિકારો જે આપણી પાસે છે, તેને શિવ પર અર્પણ કરવાના છે. શિવરાત્રી પર ભાંગ પીને નશો કરવામાં આવે છે. વાસ્તવમાં પરમાત્મા શિવના સત્ય જ્ઞાનના સ્મરણથી ખુશી અને આનંદના નશામાં રહેવાનું છે. શિવલિંગ પર સતત ટપકતી જલધારાનું આધ્યાત્મિક રહસ્ય એ છે કે, પરમાત્મા શિવને નિરંતર સતત બુધ્ધિથી યાદ કરવાના છે.

પરમાત્મા શિવ અજન્મા છે અર્થાત્ તેઓ મનુષ્યોની જેમ જન્મ અને મરણના ચક્રથી ન્યારા છે. તેઓ દિવ્ય અવતરણ કરે છે. પોતે સદા શિવ એટલે કે સદા જ્યોતિ સ્વરુપ હોવાને લીધે અશરીરી છે. તેથી તેઓ અકર્તા અને અભોક્તા છે. શિવને સ્વયંભૂ કહે છે. તેઓ સ્વયં પ્રગટ થાય છે અર્થાત્ સ્વયં અવતરણ કરે છે.

શિવ પિતા પરમધામના નિવાસી છે. સૂર્ય, ચંદ્ર અને તારામંડળથી પણ પાર તેઓ છઠ્ઠા બ્રહ્મ મહતત્વમાં પરલોક બ્રહ્મલોકમાં નિવાસ કરે છે.

શિવરાત્રી એ નિરાકાર શિવ પરમાત્માના સૃષ્ટિ પર દિવ્ય અવતરણના યાદગારનું મહાન પર્વ છે. સમગ્ર સૃષ્ટિ પર જ્યારે અજ્ઞાન અંધકાર વ્યાપે છે, ચારેકોર ઘોર પાપાચાર, અત્યાચાર અને આતંકને કારણે માનવ આત્માઓ દુઃખી અને અશાંત થઈને પરમાત્માને પોકારે છે કે, ''હે પ્રભુ, આ દુઃખની દુનિયામાંથી પાર લઈ જાઓ.'' ત્યારે જ્ઞાનસૂર્ય શિવ પરમાત્મા બ્રહ્માના તનના માધ્યમથી સૃષ્ટિ પર દિવ્ય અવતરણ કરે છે. તેઓ દ્વારા વર્તમાન કળિયુગી, પતિત સૃષ્ટિના મહાપરિવર્તન બાદ નૂતન સતયુગી, દૈવી સૃષ્ટિની સ્થાપનાનું કાર્ય ગુપ્ત રીતે ચાલી રહ્યું છે.

તેથી હે આત્માઓ, સમયને તથા પરમાત્માના દિવ્ય કર્તવ્યને ઓળખી સ્વયંનું ભાવિ ઉજ્જવળ બનાવો.

**અબ નયા સબેરા લાનેકો, ભારતમેં શિવ આયે હૈં.....**

Printed by B.K. Sarlaben R. Somaiya and Published by B. K. Ushaben B. Vajani for Prajapita Brahmakumaries Ishwariya vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd. J & K, Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad-380004 Published from Prajapita Brahmakumaries Ishwariya vishwa Vidyalaya, 1, Chaturbhuj colony, Rajyoga Bhawan, Kankaria, Ahmedabad-380 028, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati.



આણંદમાં શિક્ષણમાં મૂલ્યો કાર્યક્રમમાં મુંબઈના ભ્રાતા ગિરીશભાઈ,
બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. ભગવતીબેન તથા વિવિધ શાળાના આચાર્યો.



કેશોદ શહેરના ડી.વાય.એસ.પી. શ્રી ભરતસિંહ ટાંકને
ઈશ્વરીય સંદેશ આપતાં બ્રહ્માકુમારી રૂપાબેન.



ગાંધીનગર ઉર્જાનગરમાં ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગના
સમગ્ર ગુજરાતનાં પ્રોફેસર અને ફેકલ્ટી મેમ્બર માટે આયોજીત કર્મયોગી
ચિંતન શિબિરમાં પાવર ઑફ માઈન્ડ વિષે સમજૂતી આપતાં બ્ર.કુ. નંદિનીબેન.



ખેડબ્રહ્મામાં 'યૌગિક ખેતી'ના કાર્યક્રમમાં બ્ર.કુ. જ્યોતિબેન,
બ્ર.કુ. જ્યોત્સ્નાબેન, ભ્રાતા વિનોદભાઈ પટેલ, ભ્રાતા શામળભાઈ પટેલ
ઉપપ્રમુખ કિસાન સંઘ, અભિયાનના ગ્રુપ લીડર બ્ર.કુ. નારાયણભાઈ.



ચીપ્લુનમાં વેલ્યુગેમના સ્ટોલ ની માહિતી આપતા બ્ર.કુ. ગીતાબેન (દીવ)
બ્ર.કુ. દીપાબેન (ચીપ્લુન) તથા ભ્રાતા શેખર ડાયરેક્ટર સચાદ્રી એજ્યુકેશન ટ્રસ્ટ.



રાજકોટ મેહુલનગર સેવાકેન્દ્રના પ્રથમ વાર્ષિકોત્સવ
નિમિત્તે કેક કાપતાં બ્ર.કુ. ભારતીબેન, બ્ર.કુ. ચેતનાબેન.




ફોર્ટ સોનગઢ (બારડોલી)માં આદિવાસી જાગૃત્તિ અભિયાન કાર્યક્રમમાં
સીંગપુર ગામના સરપંચ શ્રીમતી ભદ્રાબેનને ઈશ્વરીય ભેટ
આપતાં બ્ર.કુ. સુભદ્રાબેન.



મુંબઈ મલાડ સેવાકેન્દ્ર દ્વારા આયોજીત મેડીકલ કેમ્પમાં ઈશ્વરીય
સંદેશ આપતાં બ્ર.કુ. કુંતીબેન, સાથે ફિલ્મ કલાકાર ભ્રાતા રાહુલ રૉય,
ડૉ. ભાનુશાલી તથા ડૉ. અલ્પનાબેન.

Gyan Amrit

Vol.7 | Issue 2 | February 2014 | Retail Price - 7.50/-
R.N.I. Regd No. : GUJGUJ/2007/21842 Posted at Ahmedabad PSO




રાજકોટમાં આયોજીત 'ધ ફ્યુચર ઑફ પાવર' કાર્યક્રમમાં દીપ પ્રજ્જવલન કરતાં ગુજરાત વિધાનસભાના સ્પીકર ભ્રાતા વજુભાઇ વાળા, બ્ર.કુ. નિઝારભાઇ, બ્ર.કુ. ભારતીબેન, યુવરાજ માંધાતાસિંહ, ડૉ. ભાવનાબેન જોશીપુરા, બ્ર.કુ. મોરીન ચેન, નેથલીન, બ્ર.કુ. અંજુબેન.





મણિનગર ગ્રુપ સેવાકેન્દ્રોની સંગઠીત ભઠ્ઠીનું ઉદ્‌ઘાટન કરતા ભ્રાતા ભાઈલાલભાઈ પટેલ-ડાયરેક્ટર દાસ્તાન ફાર્મ, રાજયોગિની સરલાદીદી, બ્ર.કુ. મનોરમાબેન-રાષ્ટ્રીય સંયોજીકા ધાર્મિક પ્રભાગ, બ્ર.કુ. અમરબેન તથા બ્ર.કુ. ઉષાબેન.



મહેસાણાની ગણપત યુનિવર્સિટીના પ્રમુખ ભ્રાતા અનિલભાઈ સાથે શિક્ષા પ્રભાગની સેવાઓની ચર્ચા કર્યા બાદ ડૉ. હરીશ શુકલ, બ્ર.કુ. સરલાબેન તથા ડૉ. મમતા શર્મા.



પાટણની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના કુલપતિ ભ્રાતા એલ. આર. ગોડારા સાથે મૂલ્ય શિક્ષણના અભ્યાસક્રમની ચર્ચા કરતાં બ્ર.કુ. નીલમબેન તથા બ્ર.કુ.નીતાબેન.